પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૧૧૪, કુલ પાના:૪, તારીખ: ૦૫-૦૧-૨૦૨૧ મંગળવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 114 PRICE :-RS. 1.50 DATE : 05-01-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
Whatsapp No.9712880678
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### જેક મા છેલ્લા બે મહિનાથી જાહેરમાં ન દેખાતા શંકા-કુશંકા સેવાઈ

## જિનપિંગની ટીકા કરનાર ચીની બિઝનેસમેન જેક મા લાપતા..!



બેઈજિંગ,

ચીનના અબજોપતિ ઉદ્યોગપતિ જેક છેલ્લા બે મહિનાથી જાહેરમાં દેખાયા નથી અને તેઓ બે મહિનાથી ગાયબ હોવાની વાત બહાર આવી છે. આ મુદ્દા પર ચીનમાં જાતજાતના તર્કવિતર્ક થઈ રહ્યા છે. ચીનના અરબપતિ ઉદ્યોગપતિ અને ઈ-કોમર્સ જાયન્ટ અલીબાબા અને આંટ ગ્રુપના માલિક જેક મા ચીની રાષ્ટ્રપતિ શી જિનપિંગના નિશાને આવ્યાં બાદ તેઓ કોઈ પણ જાહેર કાર્યક્રમમાં નજર આવ્યાં નથી. જ્યારે તેમની કંપની પર સતત કાર્યવાહી ચાલી રહીં છે. જેક મા આ રીતે ગાયબ થયા બાદ અનેક શંકા કુશંકા સેવાઈ રહીં છે.

જેક મા ચીનમાં મોટાભાગે જાહેર કાર્યક્રમમાં વક્તા તરીકે જોવા મળ્યાં છે અને પોતાના મોટિવેશનલ ભાષણોના કારણે પણ યુવાનોમાં ખુબ લોકપ્રિય છે. તેમણે ગત વર્ષે ઓક્ટોબરમાં શાંઘાઈમાં એક કાર્યક્રમ દરમિયાન ચીનના વ્યાજખોર નાણાકીય નિયમનકારો અને સરકારી બેંકોની ઝાટકણી કાઢી હતી. જેક માએ સરકારને અપીલ કરી હતી કે સિસ્ટમમાં સુધાર લાવાની અપીલ કરી હતી. તેમણે વૈશ્વિક બેંકિંગ નિયમોને વૃદ્ધો લોકોની ક્લબ ગણાવી હતી.

જેક માના ભાષણ બાદ ચીનની સત્તાધારી કોમ્યુનિસ્ટ પાર્ટી ભડકી ઉઠી. જેક મા ની ટીકાને કોમ્યુનિસ્ટ પાર્ટી પર હુમલો તરીકે જોવામાં આવ્યો અને ત્યાર બાદથી તેમના માઠા દિવસો શરૂ થઈ ગયા. તેમનના ધંધાની સામે જાત-જાતની તપાસ શરૂ થવા લાગી. રાષ્ટ્રપતી શી જિનપિંગના ઈશારે ચીની અધિકારીઓએ જેક માને ઝાટકો આપતા ગત વર્ષે નવેમ્બરમાં તેમના એન્ટ ગ્રુપના ૩૭ અરબ ડોલરનો આઈપો લિસ્ટિંગ થતો અટકાવી દીધો.

એક મીડિયા રિપોર્ટમાં તેની ખાતરી કરતો લેખ છપાયો જેમાં સ્પષ્ટ જણાવમાં આવ્યું કે જેક માના એન્ટ ગ્રુપનો આઈપીઓ રદ કરવાનો સીધો આદેશ ચીની રાષ્ટ્રપતિ શી જિનપિંગએ આપ્યો હતો. ક્રિસમસના એક દિવસ પહેલા તેમને આદેશ આપવામાં આવ્યો કે તેમની કંપની સામે તપાસ ચાલે છે ત્યાં સુધી તેઓ દેશ છોડી બહાર ન જાય. ચીન સરકારે એન્ટિ-મોનોપોલી કાયદા હેઠળ અલિબાબા કંપની સામે તપાસ શરૂ કરી છે. અલિબાબા એ ચીની કંપની ટેન્સન્ટ હોલ્ડિંગનું ઈ-કોમર્સ પ્લેટફોર્મ છે. તેનું કામ ઓનલાઈન વેચાણ કરવાનું છે અને જેક મા તેમના માલિક છે. વેચાણ જથ્થાની દષ્ટિએ અલિબાબા જગતની સૌથી મોટી ઈ-કોમર્સ કંપની છે. ચીન સરકાર હવે તેનાથી ડરી ગઈ છે, માટે તપાસના નામે રોડાં નાખવાની શરૂઆત કરી દીધી છે. એક તરફ ચીનમાં આર્થિક મુશ્કેલીઓ સર્જાઈ રહી છે. એવા સમયે આ કંપની દિવસ-રાત મોટી થતી જાય છે. એટલું જ નહીં હવે બેક્િંગ સેક્ટરમાં પ્રવેશી રહી છે. કોઈ પ્રાઈવેટ કંપનીનો આવડો મોટો પ્રભાવ હોય એ ચીની સરકારને પસંદ નથી. એટલે ચીને જૂની વિગતો આગળ ધરીને કંપની સામે મોનોપોલી ધારા હેઠળ તપાસ આદરી છે. નિષ્ણાતોના મતે આ તપાસ ચીનની સત્તાધારી પાર્ટી કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ચાઈનાના આદેશથી થઈ રહી છે. સરકારી બયાનમાં કહેવાયુ છે કે જે રીતે કંપની વિકસી રહી છે, એમ જ વિકસતી રહેશે તો ભવિષ્યમાં તંદુરસ્ત હરિફાઈ ખતમ થશે.

## દિલ્હી-મેરઠ રેપિડ રેલ પ્રોજેક્ટનો કોન્ટ્રાક્ટ ચીનની કંપનીને અપાયો



ન્યુ દિલ્હી,

દિલ્હીથી મેરઠની વચ્ચે બની રહેલા રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમના એક સેક્શનનો એક કૉન્ટ્રાક્ટ ચીનની એક કંપનીને આપવામાં આવ્યો છે. ગત વર્ષે સરહદ પર ચાલી રહેલા તણાવની વચ્ચે આ કંપનીનો કરાર રોકી દેવામાં આવ્યો હતો. નેશનલ કેપિટલ રિઝન ટ્રાન્સપોર્ટ કૉર્પોરેશનએ સાહિબાબાદના દિલ્હીથી ન્યૂ અશોક નગરથી ગાઝિયાબાદના સાહિબાબાદ સુધીના ૫.૬ કિમી લાંબા અંડરગ્રાઉન્ડ સ્ટ્રેચને બનાવવાનો કરાર શંઘાઈ ટનલ એન્જિનિયરિંગ કંપની લિમિટેડને આપ્યો છે.

એનસીઆરટીસી દ્વારા દેશના પહેલા રિઝનલ રૈપિડ રેલ ટ્રાન્ઝિટ સિસ્ટમનો વિકાસ કરવામાં આવી રહ્યો છે. ગત વર્ષે જૂનમાં આના પર ઘણો જ વિવાદ થયો હતો, જ્યારે ભારત-ચીન સરહદ વિવાદની વચ્ચે એ સમાચાર આવ્યા હતા કે ચીની કંપનીએ સૌથી ઓછી કિંમતની બોલી લગાવી છે. આ વિવાદને જોતા ચીની કંપનીના કરાર પર રોક લગાવી દેવામાં આવી હતી. રિપોર્ટ પ્રમાણે એનસીઆરટીસીનું કહેવું છે કે આ કરાર નક્કી કરવામાં આવેલી પ્રક્રિયાઓ અને નિર્દેશો પ્રમાણે થયો છે.

એનસીઆરટીસીના પ્રવક્તાએ કહ્યું કે, “કરારને લઈને મંજૂરી અનેક સ્તર પર આપવામાં આવી છે. આનું ફંડિંગ અનેક એજન્સીઓ દ્વારા કરવામાં આવી રહ્યું છે. આ બિડ પણ નક્કી કરવામાં આવેલી પ્રક્રિયા અને નિર્દેશ પ્રમાણે આપવામાં આવી છે. હવે ૮૨ કિમી લાંબા દિલ્હી-ગાઝિયાબાદ-મેરઠ કૉરિડોરના તમામ સિવિલ વર્કનો કરાર આપવામાં આવ્યો છે. નિર્માણકાર્ય ઝડપથી ચાલી રહ્યું છે અને પ્રોજેક્ટ સમયથી ચાલું હશે. દિલ્હી-મેરઠ વચ્ચે સેમી હાઈ સ્પીડ રેલ કૉરિડોર બનવાનો છે. આ પ્રોજેક્ટથી દિલ્હી ગાઝિયાબાદ થઈને મેરઠ સાથે જોડાશે.

૮૨.૧૫ કિમી લાંબા આરઆરટીએસમાં ૬૮.૦૩ કિમી ભાગ એલિવેટેડ અને ૧૪.૧૨ કિમી અંડરગ્રાઉન્ડ હશે. અંડરગ્રાઉન્ડ સ્ટ્રેચને બનાવવાનું કામ ચીની કંપનીને આપવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે ગત વર્ષે ૧૨ જૂનના થયેલી બિડિંગમાં ચીનની શંઘાઈ ટનલ એન્જિનિયરિંગ કંપની લિમિટેડ સૌથી ઓછી રકમની બોલી લગાવનારી કંપની બની.

## સકંજામાં સરકારી બાબુઓ: રાજ્યના ૩૮ લાંચિયા અધિકારીઓ પાસેથી ૫૦ કરોડ મળ્યા




અમદાવાદ,

૨૦૨૦ના વર્ષમાં લાંચિયા અધિકારીઓ અને કર્મચારીઓ ફરતે ગાળિયો કસવામાં લાંચરુશ્વત વિરોધી બ્યૂરોને સારી સફળતા પ્રાપ્ત થઈ છે. છેલ્લા પાંચ વર્ષની સરખામણીમાં સૌથી વધુ લાંચિયા અધિકારીઓ-કર્મચારીઓ આ વર્ષે પકડાયા છે. રાજ્યના અલગ-અલગ વિભાગના કુલ ૩૮ અધિકારીઓ-કર્મચચારીઓની ૫૦ કરોડ ૧૧ લાખ ૧૨ હજાર ૮૨૪ (રૂ. ૫૦,૧૧,૧૨,૮૨૪) રૂપિયાની આવક કરતાં વધુ સંપત્તિનો ખુલાસો થયો છે.

૨૦૨૦ના વર્ષમાં એન્ટી કરપ્શન બ્યૂરોની ટીમે કુલ ૧૯૮ કેસ કર્યા છે. ૩૦૭ લાંચિયાઓની ધરપકડ કરી છે અને સજાનું પ્રમાણ ૧૭ ટકા વધ્યું છે. એકંદરે ૨૦૨૦નું વર્ષ એસીબી માટે સફળ રહ્યું તેમ કહી શકાય. એસીબીના વડા ડૉ. કેશવકુમાર સીબીઆઈમાં ફરજ બજાવી ચૂક્યા છે. વળી, તેઓ પ્રામણિક અને વહીવટી કુશળતા ધરાવતા કડક અધિકારી છે. જેથી કોઈને પણ શેહ-શરમ રાખ્યા વિના એસીબીની ટીમ નિષ્પક્ષ રીતે કામ કરી રહી છે. તેનું પરિણામ જોવા મળ્યું છે.

વીતેલા વર્ષની કામગીરીના સરવૈયા પર નજર કરીએ તો, સરકારી અધિકારી-કર્મચારી અને ખાનગી વ્યક્તિ મળીને કુલ ૩૦૭ સામે ૧૯૮ કેસ નોંધાયા છે. જેમાં ૭ ક્લાસ વન ઓફિસર, ૪૧ ક્લાસ ટુ ઓફિસર, ૧૫૦ ક્લાસ થ્રી ઓફિસર અને ૯૭ અન્ય વ્યક્તિઓનો સમાવેશ થાય છે. આવક કરતાં વધુ સંપત્તિ શોધી કાઢવામાં એસીબીની ટીમ સફળ રહી છે. ત્યારે રકમ અને સંખ્યા બંને એસીબીના ઈતિહાસની અભૂતપૂર્વ ઘટના ગણી શકાય. કુલ ૩૮ અધિકારીઓ-કર્મચારીઓ પાસેથી ૫૦ કરોડથી વધુની બેનામી સંપત્તિ હાથ લાગી છે. જેમાં ૩ ક્લાસ વન અધિકારી, ૧૧ ક્લાસ ટુ ઓફિસર અને ૨૪ ક્લાસ થ્રી ઓફિસરનો સમાવેશ થાય છે. કુલ ૧૯૮ ગુનામાંથી ૧૭૪માં ચાર્જશીટ કરી દેવામાં આવી છે.

મહત્વનું છે કે, ગુજરાત એન્ટી કરપ્શન બ્યૂરોમાં એક ખાસ ટીમની રચના કરવામાં આવી છે. ભારતમાં કોઈ સ્થળે આ રીતે એસીબીની ખાસ ટીમ કાર્યરત નથી. આવક કરતાં વધુ સંપત્તિ શોધવા માટે આસિસ્ટન્ટ ડાયરેક્ટરના વડપણ હેઠળ બીડીએ (બેનામી અને અપ્રમાણસર મિલકત યુનિટ)ની રચના કરવામાં આવી છે. તદ્ઉપરાંત જ્યારે આશિષ ભાટિયા (હાલ ડીજીપી) એસીબીના વડા હતા ત્યારે તેમણે આધુનિક ટેક્નોલોજીના ઉપયોગનો પ્રારંભ કરાવ્યો હતો. જેમાં કેશવકુમારે વધારો કરીને ટેક્નિકલ રીતે એસીબીની ટીમને વધુ મજબૂત કરી છે. કેશવકુમારનો સ્વભાવ માત્ર કામગીરી પૂરતો મર્યાદિત રહ્યો છે. કોઈ જાતની ખટખટ તેઓ કરતા નથી. જેથી દરેક અધિકારી અને કર્મચારી સ્વતંત્ર રીતે કામગીરી કરી શકે છે.

## ગુજરાત બોર્ડની પરીક્ષામાં પણ હવે ઉત્તરવહીઓનું ચેકિંગ ઓનલાઈન થશે




ગાંધીનગર,

ગુજરાત શિક્ષણ બોર્ડ પણ હવે ધો.૧૦-૧૨ની બોર્ડ પરીક્ષામાં ઉત્તરવહીઓનું ચેકિંગ ઓનલાઈન કરવાની દિશામાં આગળ વધી રહ્યું છે અને બોર્ડ ડિજિટલાઈઝેશન તરફ વધુ એક પહેલ કરતાં આગામી બોર્ડ પરીક્ષાથી ઓનલાઈન એસેસમેન્ટ કરવાનું પ્લાનિંગ કરી રહ્યું છે. એ માટે હાલ ટેન્ડરિંગ પ્રક્રિયા શરૂ કરી દેવાઈ છે. ઉચ્ચ શિક્ષણમાં હાલ જીટીયુ સહિતની કેટલીક યુનિ.ઓ દ્વારા પરીક્ષાઓ બાદ ઓનલાઈન એસેસમેન્ટ કરાવવામાં આવે છે. ગુજરાત બોર્ડ દ્વારા ઉત્તરાયણ સુધીમાં અથવા ઉત્તરાયણ બાદ બોર્ડની પરીક્ષાનું ટાઈમટેબલ સાથે તારીખો જાહેર કરી દેવાય એવી શક્યતા છે. ગુજરાત બોર્ડની પરીક્ષા ૧૦ મે અથવા ૧૭ મેથી શરૂ

(અનુ.પાના.નં.૨)

## દેશમાં પહેલા તબક્કાનાં રસીકરણ માટે વેક્સિનનો પુરતો ભંડાર છે: નિતી આયોગ

ન્યુ દિલ્હી,

નિતી આયોગનાં સભ્ય વી કે પૌલે સોમવારે કહ્યું કે આરોગ્યકર્મીઓ સહિત કોરોના રોગચાળા સામે લડી રહેલા લોકોને પહેલા તબક્કામાં રસીકરણ કરાવવા માટે દેશમાં રસીનો પુરતો ભંડાર છે, પૌલ કોવિડ રસીકરણ અંગે બનેલી નિષ્ણાતોની બનેલી રાષ્ટ્રિય સમિતીનાં ચેરમેન પણ છે, તેમણે કહ્યું કે સરકાર તાત્કાલીક રસીની ખરીદી તથા તેના વિતરણની પોતાની યોજના અંગે ખુલાસો કરશે. પૌલે જણાવ્યું કે અમે આગામી ૩-૪ મહિનામાં અન્ય રસી પણ ઉપલબ્ધ કરાવી છું, અને ત્યારે તેનો ભંડાર પણ વધશે, તેમણે કહ્યું કે ત્યારે રસીકરણ કાર્યક્રમમાં તેજી આવી શકે છે. સામુહિક રસીકરણ સામે સૌથી મોટો પડકાર કયો છે તે અંગે પુછતા તેમણે જણાવ્યું કે આ પ્રકારનાં પ્રયાસો માટે સૌથી મોટો પડકાર લોકોને એક સાથે એકત્રિત કરવાનો છે. તે ઉપરાંત ચોક્કસ દિવસે એક જ સ્થળે લાભાર્થીઓને એકઠા કરવા અને સાવધાની રાખીને સરળતાથી રસીકરણ કરાવવાનો પડકાર પણ છે. પૌલે જણાવ્યું રસીકરણનો હેતું લગભગ ૭૦ ટકા સામુહિક રોગપ્રતિકારક શક્તિને પ્રાપ્ત કરવાનો છે.

## મહત્વપૂર્ણ નિર્ણય: રાજ્યની શૈક્ષણિક સંસ્થાઓ-સ્કૂલોનો વ્હીકલ ટેક્સ કર્યો માફ

ગાંધીનગર,

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કોવિડ-૧૯ની પરિસ્થિતિમાં બંધ રહેલી શૈક્ષણિક સંસ્થાઓ-સ્કૂલોને રાહત આપતો એક મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. વિજય રૂપાણીના આ નિર્ણય અનુસાર, રાજયમાં શૈક્ષણિક સંસ્થાઓ/સ્કૂલોના નામે નોંધાયેલી અને ચાલતી અને ૧ એપ્રિલ-૨૦૧૭ પહેલાં રજિસ્ટ્રર્ડ થયેલી બસો માટે ૧ એપ્રિલ-૨૦૨૦થી ૩૧ ડિસેમ્બર-૨૦૨૦ સુધીના સમય માટેનો મોટર વાહનવેરો માફ કરવામાં આવ્યો છે.

આવી સ્કૂલ-બસો આ સમયગાળા દરમિયાન અન્ય કોઈ વ્યાપારિક પ્રવૃત્તિ માટે ઉપયોગમાં કે વપરાશમાં લેવામાં આવી નથી એની ચકાસણી કર્યા બાદ એને નોન-યુઝ તરીકે વેરામાફી આપવામાં આવશે. મુખ્યમંત્રી સમક્ષ રાજ્યની આવી શૈક્ષણિક સંસ્થાઓ અને સ્કૂલો દ્વારા કરવામાં આવેલી રજૂઆતનો સંવેદનાસ્પર્શી પ્રતિસાદ આપતાં તેમણે આ નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કોવિડ-૧૯ની મહામારીની સ્થિતિમાં શાળા-કોલેજો, શૈક્ષણિક સંસ્થાઓ બંધ રહેલી હોવાથી તેમની બસોને મોટર વેહિકલ ટેક્સના ભારણમાંથી રાહત આપતો મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે પોતાની માલિકીની બસો ધરાવતી હોય અને એ તા.૧-૪-૨૦૧૭ પહેલાં રજિસ્ટ્રર્ડ કરવામાં આવી હોય એવી સ્કૂલ-બસોમાં વાર્ષિક રૂ. ૨૦૦ પ્રતિ સીટ પ્રમાણે મોટર વેહિકલ ટેક્સ વસૂલવામાં આવે છે.

**જીલ્લા જળ અને સ્વચ્છતા એકમ, મહીસાગર**

**જાહેર નિવિદા નં-૭ સને-૨૦૨૦-૨૧**

ટેન્ડર આઈ.ડી. નં-૪૪૨૨૧૧ થી ૪૪૨૨૧૪, ૪૪૨૨૧૬ થી ૪૪૨૨૨૩, ૪૪૨૨૨૫ થી ૪૪૨૨૨૭, ૪૪૨૨૩૧, ૪૪૨૨૩૨, ૪૪૨૨૩૮, ૪૪૨૪૪૦ થી ૪૪૨૪૪૩, ૪૪૨૪૪૫ થી ૪૪૨૪૫૦, ૪૪૨૪૫૨ થી ૪૪૨૫૩૭.

યુનિટ મેનેજરશ્રી, જીલ્લા જળ અને સ્વચ્છતા એકમ, મહીસાગર વાસ્મો, ૯૪૧/૧, વૈભવનગર, ગેસ ગોડાઉનની પાસે, પોલીસ લાઇન રોડ લુણાવાડા, જીલ્લો-મહિસાગર-૩૮૯૧૫૩, ફોન નં-૭૫૭૪૮૩૪૫૭૨, ૯૭૧૨૯૯૭૪૩૭ દ્વારા નીચેના કામ માટે ઇ-ટેન્ડરીંગ પધ્ધતિથી ઓનલાઇન ટેન્ડરો માંગવામાં આવે છે. (૧) કામનું નામ-મહીસાગર જીલ્લાના જુદા જુદા ગામોમાં ગ્રામ્ય પાણી પુરવઠા યોજનાનો આંતરીક વિતરણ વ્યવસ્થાના કામો (૨) કુલ ૧૧૩ કામની કુલ અંદાજીત રકમ રૂા.૨૫૨૫.૯૧ લાખ (૩) ઓનલાઇન ટેન્ડર ડોક્યુમેન્ટ સ્કેન કરી અપલોડ કરવાની અને ઓનલાઇન ભાવો ભરવાની છેલ્લી તારીખ-૨૦/૦૧/૨૦૨૧ ૧૮.૦૦ કલાક સુધી (૪) ટેન્ડરની સાથે ટેન્ડર ફી, બાનાની રકમ, રજીસ્ટ્રેશનની કોપી રૂા.૩૦૦ નાં સ્ટેમ્પનું એફીડેવીટ, જી.એસ.ટી રજીસ્ટ્રેશન, પાન કાર્ડ તેમજ છેલ્લા ત્રણ વર્ષ પૈકી કોઇપણ બે વર્ષના આઇ.ટી. રીટર્ન સર્ટીફીકેટ અલગ અલગ કવરમાં ટેન્ડર વાઈઝ સાદર કરવા. રજુ કરવાનો સમયગાળો ૨૧/૦૧/૨૦૨૧ સુધીમાં રજીસ્ટર, પોસ્ટ એડી/સ્પીડ પોસ્ટ/રૂબરૂથી સ્વીકારવામાં આવશે. (૫) બાનાની રકમ માટે બાના મુકિત પ્રમાણપત્ર સ્વિકારવામાં આવશે નહી. નોંધ-ટેન્ડરની એક બીડ સીસ્ટમ છે. જે એજન્સી માર્ગ અને મકાન અથવા સિંચાઇ વિભાગ દ્વારા સક્ષમ પાત્રતા અને યોગ્ય શ્રેણી ધરાવતા હોય તેઓના પ્રાઇસબીડ ખોલવાપાત્ર રહેશે. ઉકત કામગીરીના ઇ-ટેન્ડરો વેબસાઇટ http //gwssb.nprocure.com ઉપરથી મળશે અને આ સાઇટ ઉપર ઓનલાઇન ભરવાના રહેશે. ટેન્ડર અંગેની વધુ માહિતી ઉપરોકત વેબસાઇટ ઉપર મુકવામાં આવેલ છે. ટેન્ડરને મંજુર કે ના મંજુર કરવાની સત્તા સક્ષમ અધિકારીશ્રી પાસે અબાદીત રાખેલ છે. ગ્રામ્ય વિસ્તારના પીવાના પાણીની સમસ્યા અંગે ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડ, નો હેલ્પ લાઈન નંબર-૧૯૧૬ ઉપર જનતાએ સંપર્ક કરવો.

યુનિટ મેનેજરશ્રી,
જીલ્લા જળ અને સ્વચ્છતા એકમ,
મહિસાગર, લુણાવાડા

માહિતી/ગોધરા/૬૮૦/૨૦૨૧

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

**કોળી સવિતાબેન માવસિંગભાઈ**

મુ. કાળીડુંગરી,
તા. દે.બારીઆ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

**જય જલારામ ગ્રા.સ.ભં.લી.**

મુ. ચેનપુર,
તા. દે.બારીઆ

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**

**ટુંકી મુદ્દતની ઇ-ટેન્ડર નોટીસ નં-૧૫, ૧૭ અને ૧૮ સને ૨૦૨૦-૨૧**

ઇ-ટેન્ડર આઇ.ડી. ૪૪૨૧૨૫, ૪૪૨૧૨૯, ૪૪૨૧૩૨, ૪૪૨૧૩૫ (બીજો પ્રયત્ન) કાર્યપાલક ઇજનેરશ્રી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, લુણાવાડા, જીલ્લો-મહિસાગર ૩૮૯૨૩૦ દ્વારા ઉક્ત ટેન્ડર આઇ.ડી. થી કુલ-૪ (ચાર) કામના ઇ-ટેન્ડરો માંગવામાં આવે છે. ઉક્ત કામોની ઓનલાઇન ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ ૨૮/૦૧/૨૦૨૧ ના રોજ ૧૮:૦૦ કલાક સુધી રાખવામાં આવે છે. ટેન્ડર અંગેની વધુ માહિતી http//gwssb.nprocure.com વેબસાઇટ પરથી મેળવી શકાશે. ટેન્ડર મંજુર કે ના મંજુર કરવાની સત્તા સક્ષમ અધિકારીશ્રી પાસે અબાદીત રાખવામાં આવે છે. ઉક્ત ટેન્ડર અન્વયેની વધુ વિગતો માટે જરૂર જણાયે અધિક્ષક ઇજનેરશ્રી, જાહેર આરોગ્ય વર્તુળ, ગોધરા તથા કા.ઇ.શ્રી(સિ), લુણાવાડાની કચેરીનો સંપર્ક કરવો.

ગ્રામ્ય વિસ્તારના પીવાના પાણીની સમસ્યા અંગે ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડલ, નો હેલ્પ લાઇન નંબર-૧૯૧૬ ઉપર જનતાએ સંપર્ક કરવો.

કાર્યપાલક ઇજનેર(સિ),
લુણાવાડા

માહિતી/ગોધરા/૬૭૮/૨૦૨૧

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**

**જાહેર નિવિદા નં.૨૦-સને-૨૦૨૦-૨૧**

કાર્યપાલક ઇજનેરશ્રી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, લુણાવાડા જિલ્લો-મહીસાગર-૩૮૯૨૩૦ દ્વારા નીચેના કામો માટે ટેન્ડર ઓનલાઇન માંગવામાં આવે છે. ટેન્ડર આઇ.ડી.નં. ૪૪૨૧૩૬
(૧) કામનું નામ-હિંદોલીયા જુથ પા.પુ.યોજના તા.લુણાવાડા અંતર્ગત લુણાવાડા-દીવડા રોડ વાઇડીંગમાં તુટવાના લીધે પાથ બદલવા પીવીસી પાઇપલાઇનની કામગીરી અને પીવીસી પાઇપલાઇન નેટવર્કમાં રોડ પહોળો કરવા, ખેડુતો દ્વારા ખેતર ઉતારવા અને કેનાલના કામમાં તુટેલ, સમ્પ ચાલું કરવાની કામગીરી (૨) ઉક્ત કુલ ૧ (એક) કામોની અંદાજીત કિંમત રૂા.૧૪.૨૮ લાખ (૩) એજન્સીની પાત્રતા-ટેન્ડરમાં રાખેલ જોગવાઇ મુજબ રજીસ્ટ્રેશનની નકલ, જી.એસ.ટી. નંબર, પાન કાર્ડ, ઇન્કમટેક્ષ રીટર્ન-૧૯-૨૦, બેંક સોલ્વન્સીની નકલ ધરાવતાં હોવા જોઇએ. (૪) ઓનલાઇન ટેન્ડર ભરવાની તારીખ.૨૯/૦૧/૨૦૨૧ રાખવામાં આવેલ છે. કામની વધુ વિગતો માટે ફોન નં.૦૨૬૭૪ ૨૫૧૫૮૦ અને મો.૯૯૭૮૪૦૬૬૨૦ પર સંપર્ક સાંધવો. ટેન્ડરને મંજુર કે નામંજુર કરવાની સત્તા સક્ષમ અધિકારી પાસે અબાદીત રાખેલ છે.

ઉક્ત કામગીરીના ઇ-ટેન્ડરો વેબ સાઇટ http//gwssb.nprocure.com ઉપરથી મળશે અને આ સાઇટ પર ઓનલાઇન ભરવાના રહેશે. ટેન્ડર અંગેની વધુ માહિતી ઉપરોક્ત વેબસાઇટ ઉપર મુકવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારની પીવાના પાણીની તકલીફ અંગે પાણી પુરવઠા બોર્ડની ટોલ ફ્રી હેલ્પ લાઇન નં.“૧૯૧૬” ઉપર સંપર્ક કરવા વિનંતી છે.

કાર્યપાલક ઇજનેર
જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ,
લુણાવાડા

માહિતી/ગોધરા/૬૭૯/૨૦૨૧

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

## ખાનપુર તાલુકાના વાંદરવેડના રહીશનો આત્મહત્યા કેસ

# જાવાબદારો સામે બે દિવસ સુધી કોઇ કાર્યવાહી ન થતાં પરિવારજનોમાં નારાજગી


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

ખાનપુર, મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના વાંદરવેડ ગામના રહીશ દ્વારા ખાનપુર તાલુકા પંચાયત ખાતે આપઘાત કરી લીધા બાદ સ્થાનીક પંથકમાં ભારે ચકચાર મચી જવા પામી છે. તો બીજી તરફ મૃતકના પુત્ર દ્વારા પિતાની આત્મહત્યા પાછળ જવાબદાર તમામ અધિકારી કર્મચારીઓ સામે કડકમાં કડક કાર્યવાહી ની માંગ કરવામાં આવી છે.

મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના એક હજાર ઉપરાંતની વસ્તી ધરાવતા વાંદરવેડ ગામના રહીશ બળવંતસિંહ ચારણ દ્વારા ગત શનિવારના રોજ ખાનપુર તાલુકા પંચાયત કચેરીમાં જ આત્મહત્યા કરી લીધી હતી. બળવંતસિંહ ચારણે આત્મહત્યા કરતા પહેલા પોલીસ કંટ્રોલ રૂમના ૧૦૦ નંબર પર ૧૨:૧૩ વાગ્યે ફોન કરીને પોલીસને જણાવ્યું હતું કે મને સરકારી સહાયનો કોઈ લાભ મળતો નથી. સરકારી સહાય મેળવવા માટે હું ઘણાય સમયથી ધક્કા ખાઈ રહ્યો છું, છતાં પણ મને સરકારી સહાયનો લાભ મળતો નથી. જેથી અઘટીત પગલું ભરીશ, પોલીસ કંટ્રોલ રૂમમાં આ પ્રકારની જાણ થયા બાદ પોલીસ ૧૨:૨૦ વાગ્યે તાલુકા પંચાયત કચેરી ખાનપુર ખાતે પહોંચી હતી.જયાં પોલીસને તાલુકા પંચાયત કચેરીના પગથિયાંમાં બળવંતભાઈ ચારણનો આપઘાત કરેલો મૃતદેહ લટકતી હાલતમાં મળી આવ્યો હતો. પોલીસ દ્વારા મૃતકના પુત્ર ને સમગ્ર બાબતની જાણ કરવામાં આવ્યા બાદ તેમના પુત્ર ઘટના સ્થળે દોડી આવ્યા હતા. પિતાની આત્મહત્યા પાછળનું કારણ સરકારી સહાય સમયસર ન મળવા હોવાનું જ માલૂમ પડતાં પ્રથમ તો જવાબદારો સામે કાર્યવાહી કરવામાં આવ્યા બાદ જ મૃતદેહ સ્વીકારવાનું જણાવ્યું હતું. બાદમાં સ્થાનિક આગેવાનોની સમજાવટથી મૃતકના પુત્રએ મૃતદેહ સ્વીકાર્યો હતો. સ્થાનિક આગેવાનો દ્વારા આપવામાં આવેલા આશ્વાસન અનુસંધાને આત્મહત્યાના બે દિવસ બાદ પણ જવાબદારો સામે કોઈ કાર્યવાહી કરવામાં ન આવતા મૃતકના પુત્ર દ્વારા ગ્રામ પંચાયત થી માંડીને તાલુકા પંચાયત સુધીના એવા તમામ અધિકારીઓ કર્મચારીઓ કે જેઓ બળવંતસિંહ ચારણની આત્મહત્યા પાછળ જવાબદાર છે, તેમની સામે કડકમાં કડક કાર્યવાહીની માંગ કરી રહ્યા છે.

### મૃતક પાસેથી મળેલી ચિઠ્ઠી

મૃતક બળવંત ભાઈ ચારણના કપડામાંથી મળી આવેલ એક ચિઠ્ઠી મુજબ ચીઠ્ઠીમાં તેઓએ આત્મહત્યા કરતા પહેલા પંચમહાલના ભાજપના સાંસદ અને લુણાવાડાના ભાજપના ધારાસભ્ય સામે પોતે ભાજપના વર્ષોથી સમર્થક હોવા છતાં સરકારી લાભ-સહાય ન મળતો હોવાને લઈને આક્રોશ વ્યક્ત કરવાની સાથે જણાવ્યું હતું કે મરીશ તો પણ ભાજપને જ માનીશ, પણ કોઈએ મારૂ-ગરીબનું કામ કર્યું નથી. મૃતક દ્વારા ઠાલવવામાં આવેલા લેખિત આક્રોશ બાદ સ્થાનિક રાજકારણ પણ ગરમાયું છે. ભાજપ પક્ષ માટે પોતાના પિતા સક્રિય હોવાનું તેમના પુત્રએ કબૂલ્યું હતું.

### સમયસર સરકારી સહાય અપાઈ હોત તો જીવ ગુમાવવો ન પડતો

સરકાર દ્વારા અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારના આર્થિક રીતે નબળા લોકો માટે અનેક યોજનાઓ બનાવ્યા બાદ તે યોજનાનો લાભ જરૂરિયાતમંદ લાભાર્થીઓને આપતા હોવાના મોટા મોટા દાવાઓ કરવામાં આવે છે અને કરોરો રૂપિયાનો ખર્ચ કરીને મોટા કાર્યક્રમોના આયોજન કરીને સહાય - લાભો આપવાની વાતો કરવામાં આવે છે. ત્યારે બળવંતસિંહ ચારણની આત્મહત્યા આ તમામ દાવાઓની ચાડી ખાય છે. સરકાર અને તેના અધિકારીઓ કર્મચારીઓ દ્વારા બળવંતસિંહ ચારણને સમયસર લાભ સહાય ચૂકવવામાં આવી હોત તો તેમને પોતાનો જીવ ગુમાવવાનો વારો ન આવત.

## મહીસાગરમાં આજે ૦૪ પોઝિટિવ કેસ :

# જિલ્લામાં કોરોનાના કુલ ૧૯૫૬ પોઝીટીવ કેસ

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે લુણાવાડા તાલુકાની ૦૩ સ્ત્રી, વિરપુર તાલુકાની ૦૧ સ્ત્રીઓનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૦૪-૦૧-૨૦૨૧ના સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં ૧૯૫૬ કેસ પોઝીટીવ નોંધાયા છે. આજે જિલ્લાયમાં સારવાર લઈ રહેલ દર્દીઓ પૈકી લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૪ પુરૂષોએ કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે.

આમ, જિલ્લાહમાં અત્યાર સુધીમાં કુલ ૧૮૭૩ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યકિતનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૬ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૩૯ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફ્લુ/ કોરોનાના કુલ ૧૦૯૪૬૫ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૨૧૮ વ્યકિતઓને હોમ ક્વોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૦૬ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૨૫ દર્દી હોમ આઈસોલેશન, CCC લુણાવાડા, ૦૨ દર્દી એસ.ડી.એચ. સંતરામપુર અને ૦૬ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૩૩ દર્દીઓ સ્ટેબલ અને ૦૫ દર્દીઓ ઓક્સિજન પર તેમજ ૦૧ દર્દી વેન્ટીલેટર પર છે.

## સંતરામપુર તાલુકાના વિકાસના કામો માટે ૫૦ કરોડ રૂપીયા ફળવાયા

સંતરામપુર, સંતરામપુરના ધારાસભ્ય ગુજરાત રાજ્ય નાયબ મુખ્યમંત્રી ને વિકાસના કામોમાં રજૂઆત કરતા સંતરામપુર ના વિકાસ માટે ૫૦ કરોડ રૂપિયા ફાળવ્યા સંતરામપુરના ધારાસભ્ય સંતરામપુરના અલગ અલગ ગામોમાં સ્ટેટ હાઈવે બનાવવા માટે ગુજરાત રાજ્ય નાયબ મુખ્યમંત્રી સંતરામપુર ધારાસભ્ય કુબેર ડીંડોર કાર્યાલય પર આવી પહોંચ્યા હતા. ત્યાં તેમને સંતરામપુરના વિવિધ વિકાસના કામો માટે રસ્તાની સુવિધા પૂરી પાડવા માટે સંતરામપુર તાલુકાના દરેક જગ્યા પાકા રસ્તા બને અને નગરના સ્ટેટ હાઈવે બનાવવા માટે નાયબ મુખ્યમંત્રી સાથે ચર્ચા કરી હતી. સંતરામપુરના વર્ષો પછી પહેલા એવા ધારાસભ્યો છે કે ઉત્સાહ અને ઉમંગથી સંતરામપુર તાલુકાના વિકાસ કરવા માટે પ્રથમવાર આટલી માતબર રકમ જે પહેલા ધારાસભ્યો છે. ૫૦ કરોડની ગ્રાન્ટ સંતરામપુર તાલુકામાં મળી આવેલી છે. સંતરામપુરના ધારાસભ્ય કુબેરભાઈ ડીડોર કામગીરી કરવામાં અને વિકાસ માટે અત્યારે પણ નગર અને ગ્રામ્ય વિસ્તારોમાં જનતા ઓ સાથે સંપર્કમાં રહે છે.

## સંતરામપુર નગરમાં કરોડ રૂપિયા ખર્ચે બનાવેલા

# RCC રસ્તાઓ તૂટી જતા તપાસનો વિષય


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, સંતરામપુર નગરમાં નગરના દરેક વિસ્તારોમાં આર.સી.સી રસ્તા બનાવવામાં આવ્યા હતા. ગુજરાત સરકાર દ્વારા નગરનો વિકાસ થાય અને નગરજનોની પ્રાથમિક સુવિધા મળે તેના હેતુથી સરકાર દ્વારા માતબર રકમ ફાળવી ને નગરના વિકાસ માટે અને સુવિધા પૂરી પાડવા માટે રકમ ફાળવવામાં આવેલી હતી અને નગરના દરેક રસ્તાઓ બનાવવામાં આવેલા હતા પરંતુ સંતરામપુરના દરેક વિસ્તારોમાં બનાવવામાં આવેલા રસ્તાઓ એક જ વર્ષમાં તૂટી ગયેલા જોઈ રહ્યા છીએ રસ્તા ઉપર દરેક જગ્યાએ અત્યારથી લોખંડના સળીયા ઓ બહાર જવાય છે આને ખાડાઓ પડી ગયા છે. કોન્ટ્રાક્ટર દ્વારા હલકી કક્ષાનું અને ગુણવત્તાનો મટિરિયલનો ઉપયોગ થવાના કારણે આજે સંતરામપુર નગરના રસ્તાઓ તૂટી ગયેલા જોઈ રહ્યા છે. કોન્ટ્રાક્ટરના મળતિયાઓના કારણે આજે નગરના રસ્તાઓ તૂટી ગયેલા જોઈ રહ્યા છે. જવાબદાર અધિકારીઓ પણ કામગીરી દરમિયાન ધ્યાન આપવામાં આવેલું જ હતું. છ માસ અગાઉ આ રસ્તો બાબતમાં જાગૃત નાગરિકે પ્રાદેશિક કમિશનર માં લેખિતમાં રજૂઆત પણ હતી. કોન્ટ્રાક્ટરની નિયમ મુજબ વર્ષ દરમિયાન રસ્તાઓ તૂટી ગયા છો ફરીથી રીપેરીંગ કરવાની નિયમમાં આવે છે, પરંતુ હજુ સુધી મરામત કરવામાં આવેલ નથી જો એક જ વર્ષમાં રસ્તા તૂટી જાય આ અંગેનો તપાસનો વિષય બન્યો છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૫૨,વીર સંવત-૨૫૫૬, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા. ૧૧-૧૨-૨૦૨૦, શુક્રવાર, નિજ કારતક વદ-૧૧, સૂર્યોદય-૭-૧૫, સૂર્યાસ્ત-૬-૦૧, જૈન નવકારશી-૮-૦૦, આજની રાશિ : તુલા (ર.ત.), નક્ષત્રઃ ચિત્રા

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | -શુભ ચોઘડીયા-<br>૧૨-૧૯ અભિજીત-૧૩-૦૨ સુધી, ૭-૧૮થી ચલ-લાભ-અમૃત-૧૧-૨૦ સુધી, ૧૨-૪૦થી શુભ-૧૪-૦૧, ૧૬-૪૨થી ચલ-૧૮-૦૩ સુધી, ૨૧-૨૨થી લાભ-૨૩-૦૧ સુધી<br><br>- શુભ હોરા-<br>૭-૧૮થી ૯-૫૯ સુધી, ૧૦-૫૩ થી ૧૧-૪૭ સુધી, ૧૩-૩૪થી ૧૬-૧૫ સુધી, ૧૭-૦૯થી ૧૮-૦૩ સુધી |

## સંતરામપુર સ્ટેટ બેંકમાં ૨૦૦૦ રૂપિયા લેવા માટે ખેડૂતો ઉમટ્યા : સોશિયલ ડીસ્ટન્સનો ભંગ



સંતરામપુર, સંતરામપુર નગરમાં ભારતીય સ્ટેટ બેન્ક માં ખેડૂતોના ખાતામાં કેન્દ્ર સરકારે બે હજાર રૂપિયા નાખ્યા હતા. ૨૦૦૦ રૂપિયા લેવા માટે આજે સવારથી જ ખેડૂતોની ભીડ જોવા મળી હતી અને લાંબી કતારો જોવા મળી હતી. સરકારની ગાઈડ લાઈન મુજબ કોઈપણ પ્રકારનું નિયમનું પાલન કરવામાં આવ્યું હતું. સોશિયલ ડિસ્ટન્સ પાલન કરવામાં આવેલ ન હતું. ખેડૂતોને ૨૦૦૦ રૂપિયા લેવા માટે આખો દિવસ નાઈટમાં બનવું પડ્યું હતું. આવી કોરોના મહામારીમાં ખેડૂતો ૨૦૦૦ રૂપિયા લેવા માટે મજબુર બન્યા અમને કોરોનાનો ડર લાગતો જ નથી.

### ખેડૂતોએ સરકારના મંત્રીઓ સાથે જમવાનો ઈન્કાર કર્યો

# સરકાર-ખેડૂતોની આઠમી બેઠક પણ અનિર્ણિત: આગામી બેઠક ૮ જાન્યુ.એ યોજાશે

ન્યુ દિલ્હી, ખેડુતો અને સરકાર વચ્ચે કૃષિ કાયદાના મુદ્દે ચર્ચા થઈ હતી. અગાઉની ચર્ચામાં, સરકાર બે મુદ્દાઓ પર સંમત થઈ હતી, પરંતુ બે મુદ્દાઓ પર મંથન ચાલુ છે. આ તબક્કે પણ ખેડૂતોનો વિરોધ ઉડીને આંખે વળગે તેવો છે, ખેડૂત અગ્રણીઓએ સરકારના મંત્રીઓ સાથે જમવાનો ઈનકાર કર્યો હતો અને કહ્યું હતું કે તમે તમારું જમો અને અમે અમારું જમીશું. સરવાળે કોઈ જ ચોક્કસ ઉકેલ વગર બેઠક પૂર્ણ થઈ હતી. આમ આઠ જાન્યુઆરીએ ફરી એકવાર સરકાર-ખેડૂતો વચ્ચે બેઠક યોજાશે.

નવી દિલ્હીના વિજ્ઞાન ભવનમાં ખેડૂત સંગઠનો અને સરકારના મંત્રીઓ વચ્ચેની બેઠક આજે ફરી સમાપ્ત થઈ. આ બેઠકમાં કોઈ જ ચોક્કસ ઉકેલ મળ્યો નહોતો. આજે બંને પક્ષો વચ્ચે ૮ મી રાઉન્ડ બેઠક થઈ હતી.

ખેડૂતો અને સરકાર વચ્ચે થયેલી વાતચીતનો તાજા સમાચાર એ છે કે ખેડૂત સંગઠનોના એમએસપી પર લેખિત ખાતરી અને ત્રણ કૃષિ કાયદાને પાછો ખેંચવાની માંગ અંગે સરકારે કહ્યું કે, આ ત્રણેય કાયદામાં કયા સુધારા કરવામાં આવશે તે નક્કી કરવા સંયુક્ત સમિતિ બનાવીએ. સૂત્રોના જણાવ્યા અનુસાર સરકારની આ દરખાસ્તને ખેડૂત સંગઠનોએ ફગાવી દીધો હતો. સરકાર અને ખેડુતો વચ્ચે ચાલી રહેલી વાટાઘાટો લંચ બ્રેક બપોરના વિરામ છે. કૃષિ કાયદા નાબૂદ કરવાના એજન્ડા પર હજી સુધી કોઈ પ્રગતિ થઈ નથી. કૃષિ મંત્રી તોમરે કહ્યું હતું કે અમે કાયદામાં સંશોધન કરવા તૈયાર છીએ આ તબક્કે ખેડૂત આંદોલનકારીઓ અને સરકાર વચ્ચે ચર્ચા શરૂ થઈ હતી પરંતુ હાલમાં લંચ માટે બેઠક સ્થગિત કરાઈ છે, જેને લંચ બ્રેક બાદ ફરીથી શરૂ કરવામાં આવશે.

દિલ્હીના વિજ્ઞાન ભવનમાં ખેડૂતો અને સરકારની બેઠકને અડધો કલાક કરતા વધુ સમય થઈ ગયો છે. આજે આ બેઠક અઢી વાગ્યે શરૂ થઈ હતી. બેઠકની શરૂઆતમાં, કિસાન આંદોલન દરમિયાન જે લોકોના જીવ ગુમાવ્યા હતા, તેમના માટે પ્રધાનો અને ખેડૂતોએ બે મિનિટ મૌન રાખ્યું હતું.

(પાન નં.૧ નું ચાલુ)

### ગુજરાત બોર્ડની પરીક્ષામાં.....

થાય એવી શક્યતા છે. થોડા દિવસમાં ગુજરાત બોર્ડ દ્વારા રાજ્યની રજિસ્ટર્ડ સ્કૂલોનું અને એના વિષયવાર શિક્ષકોનું ઓનલાઈન રજિસ્ટ્રેશન શરૂ કરાશે. ત્યાર બાદ ઉત્તરાયણ પછી ધો.૧૦-૧૨ની બોર્ડ પરીક્ષાનાં તબક્કાવાર ફોર્મ ભરાવાનું શરૂ થશે.

ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા આગામી ૨૦૨૧ની બોર્ડ પરીક્ષાને લઈને એસેસમેન્ટ સર્વિસ માટે ટેન્ડર પણ કરવામાં આવ્યું છે અને જેમાં એજન્સી પાસેથી દરખાસ્તો મગાવવામાં આવી છે. ગુજરાત બોર્ડ દ્વારા હાલ પ્રાયોગિક ધોરણે સૌથી ઓછા વિદ્યાર્થી હોય એવા કોઈ એક ધોરણની બોર્ડ પરીક્ષાની ઉત્તરવહીઓનું સ્કેનિંગ કરી ઓનલાઈન એસેસમેન્ટ કરાશે. હાલ બોર્ડ દ્વારા પરીક્ષા બાદ રાજ્યના વિવિધ ઝોનમાં મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રોમાં ઉત્તરવહીઓનાં બંડલો ગાડીઓમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ મોકલવામાં આવે છે અને દરેક કેન્દ્રમાં શિક્ષકો રૂબરૂ જઈને ઉત્તરવહીઓ તપાસી એના માર્કસ પણ મેન્યુઅલી મૂકે છે અને ત્યાર બાદ એમાંથી પરિણામનો કમ્પ્યુટરાઈઝ ડેટા તૈયાર કરવામાં આવે છે.

(પાન નં.૪ નું ચાલુ)

### શહેરાના બાહી કલસ્ટર....

બાહી ગામની વિદ્યાર્થીનીઓ ભક્તિ રાઠોડ, ઉર્વશી સોલંકી અને દિવ્યા પરમાર દ્વારા રિસોર્સ રૂમને ઈનોવેટિવ રીતે શણગારવામાં આવ્યો હતો. બી.આર.સી શહેરાએ શિક્ષણ પરિવાર અને સમગ્ર શિક્ષાના સ્ટાફની વાર્ષિક કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. જેમાં ૧૦૦% નામાંકન, વિદ્યાલક્ષ્મી બોન્ડ,શિષ્યવૃત્તિ, કુકિંગ કોસ્ટ અને ફૂડ સિક્યુરિટી એલાઉન્સ,હોમ લર્નિંગ, ઘરે શીખીએ, વર્ચ્યુઅલ કલાસ, ઈન્સપાયર એવોર્ડ,ઈનોવેશન ફેસ્ટિવલ, જ્ઞાનકુંજ પ્રોજેક્ટ, શાળા બહારના બાળકોનું શિક્ષણ, ૧૧ થી ૧૪ વર્ષની શાળા બહારની દીકરીનો પુનઃ પ્રવેશ,નિદાન કસોટી,એકમ કસોટી,પર્યાવરણ પ્રયોગ શાળા, સમયદાન,ઓફિસ કામગીરી, મિશન વિદ્યા, જવાહર નવોદય પરીક્ષા, ગુજરાત ગૌરવ દિનની ઉજવણી, વિવિધ સ્પર્ધાઓ, શેરી શિક્ષણ, માધ્યમિક શાળાઓમાં વર્ચ્યુઅલ તાલીમ અને પરિણામ, દિવ્યાંગ બાળકોનું શિક્ષણ અને સહાય,સ્ટાઈપેન્ડ, સર્ટીફીકેટ કેમ્પ, સાધનસહાય કેમ્પ, ટ્રાન્સપોર્ટેશન સુવિધા, વિદ્યાદીપ યોજના,સોશિયલ ઓડિટ,ભૌતિક સુવિધા, પીવાના પાણીની સુવિધા, કમ્પ્યુટર લેબ, મીનાની દુનિયા, સેલ્ફ ડિફેન્સ તાલીમ, કે.જી.બી.વી મોડેલ સ્કૂલ, દીક્ષા, આયુષ્યમાન ભારત તાલીમ, પ્રજ્ઞા રિફ્રેશમેન્ટ તાલીમ,વર્તમાન સમયે કોરોના વોરિયર્સ તરીકે કામગીરી કરતા તમામની સમીક્ષા કરી સૌને ઉત્તમ કામગીરી કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. આ કાર્યક્રમમાં માધ્યમિક શાળાના આચાર્ય કિરીતસિંહ સોલંકી, આઈ.ડી.એસ.એસ હસમુખભાઈ પરમાર, બાહી કલસ્ટરના આચાર્ય મિત્રો અને તમામ સી.આર.સી.કો. ઓર્ડીનેટર ઉપસ્થિત રહીને કાર્યક્રમને શોભાવ્યો હતો. તમામ કાર્યક્રમનું સંચાલન સી.આર.સી.કો.ઓ ખાંડીયા બાબુભાઈ વણઝારાએ કર્યું હતું.

## બેસણું

### દે.બારીયાથી પંડીયા મહેશકુમાર તરૂણચંદ્ર ના જય ભગવાન

તા.૨/૧/૨૦૨૧ શનિવારના રોજ અમારા માતૃશ્રી ગંગા સ્વ. શારદાબેન તરૂણચંદ્ર પંડીયા દેવ લોક પામ્યા છે. પ્રભૂ તેમના આત્માને શાંતિ આપે.

**વર્તમાન પરિસ્થિતીને ધ્યાને લઇને બેસણું રાખેલ નથી.**

પંડીયા મહેશ તરૂણચંદ્ર
ત્રીવેદી દામીનીબેન ચેતનકુમાર
નિવાસ્થાન
ડેરી ફળીયા જલારામ મંદીર પાસે,
દે.બારીયા, જી.દાહોદ


ગં.સ્વ. શારદાબેન તરૂણચંદ્ર પંડીયા

## દૈનિક રાશીફળ

**તા.૦૫.૦૧.૨૦૨૧ મંગળવાર**

મેષ(અ,લ,ઈ): આજે પરિસ્થિતિ વધારે અનુકૂલ છે. આત્મવિશ્વાસ અને થોડી સાવધાની દ્વારા તમારા મોટાભાગના કામ યોગ્ય રીતે પૂર્ણ થઈ જશે.

વૃષભ(બ,વ,ઉ): વ્યસ્તતા સિવાય તમે તમારા વ્યક્તિગત રસને લગતાં કાર્યો માટે સમય કાઢી શકશો. તમારા કોઈ સારા કામના કારણે તમારી યોગ્યતા અને આવડતના પણ વખાણ થશે.

મિથુન(ક.છ.ઘ): આજે પરિવાર સાથે જોડાયેલાં મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવા પડી શકે છે, જે પોઝિટિવ રહેશે. સામાજિક અને રાજનૈતિક સક્રિયતા પણ વધવાથી તમારી સારી ઓળખ બનશે.

કર્ક(ડ,હ): થોડાં સમયથી ચાલી રહેલી સ્વાસ્થ્યને લગતી પરેશાનીમાં આજે થોડો સુધાર અનુભવ થશે. તમે તમારા અટવાયેલાં કામને પૂર્ણ કરવામાં તમારું ધ્યાન કેન્દ્રિત કરી શકશો.

સિંહ(મ,ટ): આજે ભાગ્ય પ્રબળ છે. મહિલા વર્ગને તેમની યોગ્યતા અને કાર્યક્ષમતા દ્વારા મહત્ત્વપૂર્ણ સફળતા પ્રાપ્ત થઈ શકે છે, એટલે મન લગાવીને તમારા કાર્યો પ્રત્યે કોશિશ કરતાં રહો.

કન્યા(પ,ઠ,ણ): આજે તમે ઘરને લગતી તમારી જવાબદારીઓને ખૂબ જ સાદગી અને ગંભીરતાથી પૂર્ણ કરી લેશો.

તુલા(ર.ત.): આજે તમને અચાનક જ ચમત્કારિક રૂપથી કોઈ ભાવી લક્ષ્યની પ્રાપ્તિ થશે. જેનાથી તમારો આત્મવિશ્વાસ વધારે મજબૂત થશે.

વૃશ્ચિક(ન.ય.): આજે કોઈ શુભ સમાચાર મળવાથી તમે તમારી અંદર અદ્ભૂત આત્મવિશ્વાસ અને ઊર્જાનો અનુભવ કરશો. કોઈપણ કામમાં ઘરના વડીલ વ્યક્તિની સલાહ ઉપર અમલ કરશો.

ધન(ભ,ધ,ફ,ઢ): આજે અચાનક જ કોઈ વ્યક્તિ સાથે મુલાકાત તમને એક નવી દિશા સૂચવશે. તમે તમારા કાર્યને લગતી યોજનાઓને યોગ્ય રીતે બનાવી શકશો.

મકર(ખ.જ.): દિનચર્યા ખૂબ જ વ્યસ્ત રહેશે. વ્યસ્તતા સિવાય તમારા મિત્રો અને સંબંધીઓ સાથે સંપર્ક જાળવી રાખો.

કુંભ(ગ,સ,શ,ષ): થોડા દિવસોથી ચાલી રહેલી વ્યસ્ત દિનચર્યાથી સુકૂન મેળવવા માટે થોડો સમય અધ્યાત્મ અને ધાર્મિક સ્થળે પસાર કરો. તેનાથી તમે શારીરિક અને માનસિક રૂપથી સુકૂન પ્રાપ્ત થશે.

મીન(દ,ચ,ઝ,થ): ધાર્મિક તથા અધ્યાત્મિક ક્ષેત્રમાં તમારો રસ વધશે. સાથે જ પારિવારિક તથા વ્યવસાયિક ગતિવિધિઓમાં સંતુલન જાળવી રાખવાથી ઘરમાં સારું વાતાવરણ જળવાયેલું રહેશે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દે.બારીઆના ડાંગરીયા ગામે જાહેરમાં જુગાર રમતા ૧૩ જુગારીયાઓ ઝડપાયા

દે.બારીઆ,

દેવગઢ બારીઆ તાલુકાના ડાંગરીયા ગામે ખુલ્લી જગ્યામાં ગંજી પાના પત્તા વડે ૧૩ જુગારીઓ જાહેરમાં જુગાર રમતાં હોવાની પોલીસને બાતમી મળતાં પોલીસે આ સ્થળે ઓચિંતી રેડ પાડતાં નાસભાગના દ્રશ્યો સર્જાયા હતા પરંતુ પોલીસે જુગારીઓને ચારેય બાજુથી ઘેરી લેતાં ૧૩ જુગારીઓને ઝડપી પાડી દાવ ઉપરથી તેમજ અંગઝડતીમાંથી રૂા.૧૫,૯૦૦ની રોકડ તેમજ મોબાઈલ ફોન અને ૭ મોટરસાઈકલો મળી કુલ રૂા.૨,૯૨,૪૦૦ના મુદ્દામાલ સાથે ૧૩ જુગારીઓને જેલના સળીયા પાછળ ધકેલી દીધાનું જાણવા મળી રહ્યું છે.

દાહોદ જિલ્લામાં પ્રોહી તથા જુગારની અસામાજીક પ્રવૃતિઓ પ્રવૃતિઓ ઉપર અંકુશ લાવી સદંતર નેસ્તનાબુદ કરવા તેમજ લીસ્ટેડ પ્રોહી બુટલેગરો ઉપર તેમજ પ્રોહી,જુગારની પ્રવૃતિ સાથે અગાઉ સંકળાયેલ ઈસમો તેમજ ગેરકાયદેની દારૂની હેરાફેરી, પરિવહન કરતાં ઈસમોના આશ્રય સ્થાનો ઉપર પરીણામલક્ષી કામગીરી કરકવા તેમજ નાકાબંધી, વોચ રાખી પ્રોહી, જુગારના કેસો શોધી કાઢવા દાહોદ જિલ્લાના પોલીસ અધિક્ષક દ્વારા સુચના અને માર્ગદર્શન આપતાં દેવગઢ બારીઆ પોલીસ દ્વારા આવા આરોપીઓને પકડી પાડવા માટે તાલુકામાં કોમ્બીંગ, વોચ સહિતની કામગીરીનો આરંભ કર્યો હતો. તેવામાં પોલીસને બાતમી મળી હતી કે, દેવગઢ બારીઆ તાલુકાના ડાંગરીયા ગામે કૃપાળુ આશ્રમની બાજુમાં રહેતો મોહમદશકીલ અબ્દુલભાઈ સિદ્દિનો તેના રહેણાંક ઘરની પાછળ આવેલ ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમોને બોલાવી ગંજી પાના પત્તાઓ વડે પૈસાનો હારજીતનો જુગાર રમી, રમાડી રહેલ હોવાની બાતમી પોલીસને મળી હતી. આ બાતમી મળતાંની સાથે જ દેવગઢ બારીઆ પોલીસનો કાફલો આ સ્થળ પર જવા રવાના થયો હતો અને સ્થળ પર જઈ ચારેય તરફથી જુગારીઓને ઘેરી લેતાં એકક્ષણે જુગારીઓમાં સ્તબ્ધતાનો માહોલ સર્જાવા પામ્યો હતો અને પોલીસે ૧૩ જુગારીઓને ઝડપી પાડી દાવ પરથી અને અંગઝડતીમાંથી રોકડા રૂા.૧૫,૯૦૦, મોબાઈલ ફોન નંગ.૬, મોટરસાઈકલ નંગ.૭ અને જુગારના સાધનો મળી કુલ રૂા.૨,૯૨,૪૦૦નો મુદ્દામાલ પોલીસે કબજે લઈ ૧૩ જુગારીઓ વિરૂધ્ધ જુગાર ધારાની કલમ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદ જીલ્લામાં આજરોજ ૧૨ કોરોના કેસ નોંધાયા

દાહોદ,

દાહોદ જિલ્લામાં આજે વધુ ૧૨ કોરોના દર્દીઓના સમાવેશ સાથે જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૨૬૭૭ને પાર થઈ ચુક્યો છે. દાહોદ અર્બન વિસ્તારમાં દિન પ્રતિદિન કોરોના સંક્રમણના કેસોમાં વધારો જોવા મળી રહ્યો છે. ત્યારે આજે ૧૨ માંથી ૧૧ તો દાહોદ અર્બન વિસ્તારના જ કેસોનો સમાવેશ થતાં ફરી એકવાર કોરોના સંક્રમણનો પ્રકોપ દાહોદ વિસ્તારમાં વધતો દેખાઈ રહ્યો છે.

આર.ટી.પી.સી.આર.ના ૨૫૩ પૈકી ૧૨ અને રેપીટ ટેસ્ટના ૮૭૯ પૈકી ૦૦ કેસ નોંધાયા છે જેમાંથી દાહોદ અર્બન વિસ્તારમાંથી ૧૧ કેસનો સમાવેશ થયો છે અને ૧ કેસ ઝાલોદ અર્બન વિસ્તારનો છે. આજે વધુ ૧૬ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપતાં એક્ટીવ કેસની સંખ્યા ૧૧૨ રહેવા પામી છે અને અત્યાર સુધી કોરોનાથી કુલ ૯૨ લોકો પોતાનો જીવ ગુમાવી ચુક્યાં છે.

## દાહોદ જીલ્લામાં ૧૦૮ ઈમરજન્સી સેવા દ્વારા નવા વર્ષની ઉજવણી

દાહોદ,

દાહોદ જિલ્લા ૧૦૮ ઈમરજન્સી સેવા દ્વારા નવા વર્ષની ઉજવણી કરાઈ, ૧૦૮ના અધિકારી પ્રોગ્રામ મેનેજર માનવીર ડાંગર, દાહોદ તેમજ ઝાલોદના EMEની પ્રેરક ઉપસ્થિતિમાં ૧૦૮ના કર્મચારીઓએ નવા વર્ષમાં ફરજનિષ્ઠા, પ્રમાણિકતા, નિઃસ્વાર્થ ભાવે પીડિતોની સેવા કરવાના સોનેરી સંકલ્પ લીધા.

દાહોદ જિલ્લાના દાહોદ તેમજ ઝાલોદ ખાતે ૧૦૮ ઈમરજન્સી સેવા, ખિલખિલાટ સેવા,૧૯૬૨ સેવા,૧૮૧ ના કર્મચારીઓ દ્વારા નવા વર્ષની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ૧૦૮ના અધિકારી પ્રોગ્રામ મેનેજર માનવીર ડાંગર દ્વારા વર્ષ ૨૦૨૦ માં કોરોના મહામારીમાં ૧૦૮ ના કર્મચારીઓએ કરેલ કામગીરીની સરાહના કરવામાં આવી હતી. તથા નવું વર્ષ બધા માટે લાભદાયક, આરોગ્યમય અને સુખ સમૃદ્ધિ પ્રદાન કરે તેવી શુભકામના પાઠવી હતી. સાથે સાથે નવા વર્ષમાં બધા કર્મચારીઓએ ફરજનિષ્ઠા, પ્રમાણિકતા, નિઃસ્વાર્થ ભાવે પીડિતોની સેવા કરવાના સોનેરી સંકલ્પ લીધા હતા. આ પ્રસંગે ૧૦૮ સેવાના EME મનોજ વિશ્વકર્મા, EME જેમિલ શેખ હાજર રહ્યા હતાં.

## મારૂં સમણું



જીજ્ઞા કપુરીયા (નિયતી)

આજ પરોઢિયે ઊગતાં પહોરે
એક સમણું મેં દીઠું હતું...

એમાં,
પંખીઓનો કલરવ હતો,
કોયલનો ટહુકાર હતો,
સુમનની સુંદરતા હતી,
આંખ બીડેલું નવજાત પારેવડું
ટાઢમાં થરથર ધ્રુજતું હતું......

મેં એ સમણામાં દીઠું હતું.......
આજ પરોઢિયે........

એમાં,
પ્રકૃતિનું અનુપમ સૌદર્ય હતું,
સરિતાનો ધસમસતો પ્રવાહ હતો,
ઘોડે ચઢીને કેસરી સૂરજની સવારી આવી હતી,
શુકનવંતી બારીમાં જાણે ગ્રહનક્ષત્રનું ટોળુ હતું.....
મેં એ સમણામાં દીઠું હતું....

આજ પરોઢિયે.......

એમાં
ગીતા હતી જેમાં કુરાન હતી,
મંદિરનો ઘંટનાદ હતો,
મસ્જિદની અજાન એ હતી,

કુદરતનાં ખોળે મારૂં મનડુંપુલકિત થાતું હતું
મેં એ સમણામાં દીઠું હતું...

આજ પરોઢિયે.....

એમાં,
ફુલોની ફોરમ હતી,
મધુકરની ગુંજન હતી,
માટીની ભીની મહેક હતી,
લીલુડીધરતીનું જાણે કેવું અલૌકિક રૂપ હતું.
મેં એ સમણામાં જોયું હતું....
આજ પરોઢિયે ઊગતાં પહોરે સમણું મેં તો દીઠું હતું....

## દે.બારીઆના રોડ પર પાણીની લાઈનોની કુંડીઓના મજબુત ઢાંકણ મુકવા જરૂરી



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીઆ,

દે.બારીઆ શહેરમાં હાલમાં નવિન રોડ બનાવવાની તજવીજ હાથ ધરાઈ રહી છે. તે પહેલા પીવાના પાઈપ લાઈન ઉપર જે તે જગ્યાઓમાં વાલ્વ આવે છે. તે લીકેજ છે અથવા કટાઈ ગયા છે. તેમાંથી પાણીનો બગાડ થઈ રહ્યો છે. જેથી નવા રોડ બનાવતા પહેલા તમામ પાણીની કુંડીઓ ખોદાય છે. જેથી તેના ઉપર મજબુત આર.સી.સી.ના ઢાંકણ મૂકવામાં આવે તો રોડ ઉપર થી ભારે વાહનો પસાર થાય તો તૂટી ના જાય તે મુજબના અંતે ટકાઉ ઢાંકણ નાખવામાં આવે તો વારંવાર ખોદકાર્ય કરવું ના પડે જેથી રોડ તૂટે નહીં તેવી ટેકનીક હાથ ધરવામાં આવે તેવી આમ જનતાની માંગ ઉઠવા પામી છે. ઈન્ચાર્જ ચીફ ઓફિસર શહેરના વિકાસના કાર્યો ચાલુ રહે ત્યાં સુધી નગર પાલિકાનો ચાર્જવાળી જગ્યામાં આવતા તમામ કાર્યો પોતાની નીગરાની થાય તેવા પ્રયત્નો કરશે ખરા, હલ્કી ગુણવત્તાનું મટીરીયલ વપરાતું અટશકે ખરૂં ? તે તો આવનારો સમય બતાવશે ટેન્ડરની શરતો મુજબ કાર્ય થાય તે માટે નિરીક્ષણ કરવું જોઈએ તો જ ઘર ઘર નળ અને ઘર ઘર જળનું સૂત્ર અને માન્ય વડાપ્રધાનનું સ્વપ્ન સાકાર થશે તેવું આમ જનતાને વિશ્વાસ છે.

## દિવ્યાંગો માટે રાજય સરકારની વીમા યોજના

દાહોદ,

સમાજ સુરક્ષા ખાતા દ્વારા દિવ્યાંગ વ્યકિતઓના કુટુંબજનોને માટે આકસ્મિક અવસાન સહિતના સંજોગોમાં મદદરૂપ થવા વીમા સહાય યોજના અમલમાં મુકવામાં આવી છે. આ યોજના હેઠળ આપઘાત કે કુદરતી મૃત્યુ સીવાય બીજી કોઈ પણ અકસ્માતની રીતે ૪૦ ટકા કે તેથી વધુ વિકલાંગતા ધરાવતા દિવ્યાંગ વ્યકિતનું મૃત્યુ થાય કે કાયમી અપંગ બને તો તેવા કેસમાં વીમા પોલીસીની શરતોને આધીન રહીને લાભાર્થી અથવા તેના પરિવારને રૂ. ૧,૦૦,૦૦૦ (એક લાખ પુરા) સુધીની વીમા રાશી મળે છે.

અકસ્માતના કારણે મૃત્યુ કે કાયમી અપંગતાના કારણે બે આંખ કે બે અંગ અથવા હાથ–પગ ગુમાવવાના કેસમાં ૧૦૦ ટકા, અકસ્માતના કારણે એક આંખ અથવા એક અંગ ગુમાવવાના કેસમાં ૧૦૦ ટકા વીમાનો લાભ મળવાપાત્ર છે. આ યોજનાનો લાભ લેવા માટે સમાજ સુરક્ષા ખાતાનું ઓળખકાર્ડ હોવું જોઈએ તથા વાર્ષિક રૂ.૬,૦૦,૦૦૦ સુધીની આવકમર્યાદા ધરાવતા હોવા જોઈએ. આ યોજના હેઠળ લાભાર્થીએ જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીએ જરૂરી સાધનિક પૂરાવાઓ (દસ્તાવેજો) સાથે અરજી કરવાની રહેશે.

## દાહોદના તરવાડિયા ગામની સગીરાને લગ્નની લાલચે ભગાડી જતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ તાલુકાના તરવાડિયા હિંમત ગામેથી એક ૧૭ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી, લગ્નની લાલચ આપી અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે. તરવાડિયા હિંમત ગામે મછાર ફળિયામાં રહેતો મહેશભાઈ ધનાભાઈ પણદા દ્વારા દાહોદ તાલુકામાં રહેતી એક ૧૭ વર્ષીય સગીરાને ગત તા.૨૨મી ડિસેમ્બરના રોજ પત્નિ તરીકે રાખવાની લાલચ આપી, અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના વાલી વારસ દ્વારા કતવારા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# દાહોદ જિલ્લા વિકાસ અધિકારીનું નવતર અભિયાન, પંચાયત આપને દ્વાર




તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જિલ્લા વિકાસ અધિકારી રચિત દ્વારા એક નવતર અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. પંચાયત આપને દ્વાર નામના આ અભિયાન અંતર્ગત એક ગામમાં જિલ્લા પંચાયતના તમામ શાખા અધિકારીઓ દ્વારા કેમ્પ કરી ગ્રામજનોને લગતા પ્રશ્નોનો નિકાલ લાવવામાં આવે છે. આ કાર્યક્રમનો પ્રારંભ દાહોદ તાલુકાના ગડોઈ ખાતેથી કરવામાં આવ્યો હતો.

જેમાં જિલ્લા પંચાયત, દાહોદના તમામ શાખાધિકારીઓ સબંધિત સ્ટાફ સાથે હાજર રહેલ હતા. ગડોઈ ગામમાં પંચાયત દ્વારા થયેલ તથા હાલ કાર્યરત તમામ યોજનાઓની સમીક્ષા કરવામાં આવેલ હતી તથા તમામ શાખાધિકારીઓ જેવા કે આરોગ્ય વિભાગ, સંકલીત બાળ વિકાસ વિભાગ, પંચાયત વિભાગના ૧૪માં નાણાંપંચના કામો તથા ૧૫માં નાણાંપંચના કામો, આત્મનિર્ભર યોજના, ખેતીવાડી વિભાગને લગતી યોજનાઓ, સિંચાઈ તેમજ માર્ગમકાન પંચાયત વિભાગના કામો, પશુપાલન વિભાગની તમામ યોજનાઓ તેમજ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી હસ્તકની પીએમએવાય, નરેગા વિગેરે યોજનાઓની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

સબંધિત વિભાગને લગતા ગામ લોકોના પ્રશ્નો બાબતે ચર્ચા કરી સ્થળ ઉપર જ પ્રશ્નોનો નિકાલ કરવામાં આવેલ હતો. ખેતીવાડી વિભાગ દ્વારા લાભાર્થીઓને કીટ વિતરણ કાર્યક્રમ રાખેલ હતો, તેમજ જિલ્લા વિકાસ અધિકારી દ્વારા ગોઈ ગામના આરોગ્ય વિભાગના સબ સેન્ટર, બાળ વિભાગ હસ્તકની આંગણવાડી તથા નંદઘરની મુલાકાત લીધેલ હતી. આ જગ્યાઓએ જણાવેલ ક્ષતિ બાબતે સબંધિત સ્ટાફ સામે તાત્કાલીક પગલા લેવા જણાવતા હાજર રહેલ કર્મચારી તથા અધિકારીઓમાં સોપો પડી ગયેલ હતો. જિલ્લા વિકાસ અધિકારી દ્વારા ૧૪માં નાણાપંચના થયેલ કામો, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી હસ્તકના પ્રધાનમંત્રી આવાસ યોજના તથા મનરેગા યોજનાના કામોની પણ સ્થળ ચકાસણી કરી હતી અને લાભાર્થીઓ સાથે ચર્ચા કરી હતી.

## રાજય મહિલા આરોગ્ય દ્વારા કાર્યરત અભયમ ૧૮૧ને બહોળો પ્રતિસાદ

દાહોદ,

ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગૃહ વિભાગ, રાજય મહિલા આયોગ દ્વારા કાર્યરત અભયમ ૧૮૧ મહિલા હેલ્પલાઈન ને દિન પ્રતિદિન બહોળો પ્રતિસાદ મળી રહેલ છે.

GVK EMRI દ્વારા અતિ આધુનિક ઈમરજન્સી સેંટર દ્વારા અભયમ હેલ્પલાઈનનું સંચાલન થઈ રહેલ છે.ગુજરાતની પીડિત કે મુશ્કેલીમાં મુકાયેલ મહિલાઓને તાત્કાલિક મદદ, માર્ગદર્શન અને બચાવ કરી રહેલ છે.જેથી મહિલાઓ આજે પોતાની એક હમદર્દ સાચી સહેલી તરીકે પોતાની આપવીતી જણાવી મદદ મેળવી રહી છે. જેને દિન પ્રતિદિન મહિલાઓ મોટા પ્રમાણમાં ઉપયોગ કરી રહી છે.જેમાં ઘરેલુ હિંસા હોય, કામના સ્થળે જાતીય સતામણી હોય, સોશિયલ મીડિયાના માધ્યમ દ્વારા હેરાનગતિ કે છેડતી કે રેપ કેસ હોય હમેશા ૨૪ કલાક ખડેપગે અભયમની સેવાઓ અવિરત ચાલુ જ હોય છે. સામાન્ય સમયમાં ઘરેલુ હિંસાના કોલ ૨૪ થી ૨૬ ટકા જેટલાં રહેતા હતા.જે કોવીડ ૧૯ના સમયગાળા દરમિયાન ૪૨ થી ૪૪.ટકા જેટલું પ્રમાણ રહેવા પામેલ હતું. લોકડાઉનના સમયમાં પણ ઈમરજન્સી કોલ સેન્ટર અને ફિલ્ડ સ્ટાફે ૨૪ કલાક પોતાના જાનના જોખમ સાથે કોવીડ પ્રોટોકોલ સાથે પીડિત મહિલા ને સુરક્ષા પહોંચાડી ઉમદા કામગીરી કરેલ છે.આ સેવાઓ પહોંચાડનાર અભયમ ટીમ ખરેખર મહિલા સશકિતકરણનું એક શ્રેષ્ઠ ઉદાહરણ છે.અને કોરોના વોરિયર તરીકે અવિરત સેવાઓ પુરી પાડી પીડિત મહિલાઓ પાસે પહોંચી હૂંફ પુરી પાડી તેમના દુઃખમાં સહયોગી બની હિંમત સાથે જીવન જીવવાનો અને મુશ્કેલી નો સામનો કરી કુટુંબ ભાવના સાથે રહેવા પ્રેરિત કરવામાં આવેલ છે.

## ફતેપુરાના હડમતમાં બે બાઈકો વચ્ચે અકસ્માતમાં ચારના મોત : એકની સ્થિતિ ગંભીર



સુખસર,

ફતેપુરા તાલુકામાં દિન–પ્રતિદિન વાહન અકસ્માતની સંખ્યા વધતી જાય છે. જેમાં વધુ એક બનાવ શનિવાર સાંજના સાતેક વાગ્યાના અરસામાં બે મોટર સાયકલો વચ્ચે હડમતમાં ગમખ્વાર અકસ્માત સર્જાતા. સંતરામપુરના ત્રણ તથા લખણપુરના એક યુવાનનું મોત નિપજવા પામેલ છે. જયારે લખણપુરનો એક યુવાન હાલમાં લુણાવાડા ખાતે ખાનગી દવાખાનામાં સારવાર હેઠળ હોવાનું જાણવા મળે છે. ફતેપુરા તાલુકામાં દિન–પ્રતિદિન વાહન અકસ્માતની સંખ્યા વધતી જાય છે. જેમાં વધુ એક બનાવ શનિવાર સાંજના સાતેક વાગ્યાના અરસામાં બે મોટર સાયકલો વચ્ચે હડમતમાં ગમખ્વાર અકસ્માત સર્જાતા સંતરામપુરના ત્રણ તથા લખણપુરના એક યુવાનનું મોત નિપજવા પામેલ છે. જયારે લખણપુરનો એક યુવાન હાલમાં લુણાવાડા ખાતે ખાનગી દવાખાનામાં સારવાર હેઠળ હોવાનું જાણવા મળે છે.

## દાહોદના લીમડાબરા ગામે બંધ મકાનમાંથી ૧૬ હજારની મત્તાની ચોરી કરાઈ

દાહોદ,

દાહોદ તાલુકાના લીમડાબરા ગામે એક બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી અંદર મુકી રાખેલ ચાંદીના દાગીના તેમજ ડીવીઆર મળી કુલ રૂા.૧૬ હજારની મત્તાની ચોર ઈસમો ચોરી કરી લઈ જતાં પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે.

હાલ વડોદરા અને મુળ લીમડાબરા ગામે ગામતળ ફળિયામાં રહેતા જગતસિંહ નવલસિંહ લબાનાના બંધ મકાનને ગત તા.૦૧મી ડિસેમ્બરના રોજ અજાણ્યા ચોર ઈસમોએ તેઓના બંધ મકાનને નિશાન બનાવ્યું હતું અને મકાનના દરવાજાનું તાળુ તોડી અંદર પ્રવેશ કર્યો હતો. તિજોરી તોડી અંદર મુકી રાખેલ ચાંદીના છડા એક જોડ, ચાંદીની વિછુડી ૪ નંગ તેમજ ડીવીઆર મળી કુલ રૂા.૧૬,૦૦૦ની મત્તાની ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે જગતસિંહ નવલસિંહ લબાના દ્વારા કતવારા પોલીસમ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## દે.બારીઆના અસાયડી ગામે ઘરમાં સંતાડેલ દારૂ ઝડપ્યો

દાહોદ,

દેવગઢ બારીઆ તાલુકાના અસાયડી ગામેથી એક રહેણાંક મકાનમાંથી પોલિસે રૂા.૬૭,૦૭૦નો પ્રોહી જથ્થો કરી મકાન માલિક વિરૂદ્ધ ગુનો દાખલ કર્યાનું જાણવા મળે છે.

અસાયડી ગામે ભુત ફળિયામાં રહેતો સીચનકુમાર રાજેન્દ્રભાઈ જયસ્વાલ પોતાના રહેણાંક મકાનમાં વિદેશી દારૂનો ધંધો કરતો હોવાની દેવગઢ બારીઆ પોલીસને બાતમી મળતાં પોલિસે ગત તા.૦૩મી ડિસેમ્બરના રોજ તેના મકાનમાં ઓચિંતી પ્રોહી રેડ પાડતાં સચીનકુમાર નાસી જવામાં સફળ રહ્યો હતો. ત્યાર બાદ પોલિસે મકાનની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂ તથા બિયરની બોટલો નંગ.૪૫૬ કિંમત રૂા.૬૭,૦૭૦નો પ્રોહી મુદ્દામાલ કબજે કરી ઉપરોકત મકાન માલિક વિરૂદ્ધ પ્રોહીનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ગોધરા સરદાર નગર પાછળ તાઈવાડામાં જુગાર રમતા ૧૦ ઈસમો ઝડપાયા

ગોધરા,

ગોધરા શહેર સરદાર નગર ખંડ પાછળ તાઈવાડામાં લગ્ન પ્રસંગે આવેલ કેટલાક ઈસમો જુગાર રમી રહયા છે. તેવી બાતમીના આધારે પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન ૧૦ ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા. ઝડપાયેલ ઈસમો પાસેથી ૪૯,૮૭૦/–રૂપીયાનો મુદ્દામાલ કબજે લેવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા શહેર સરદાર નગર ખંડ પાછળ આવેલ તાઈવાડામાં રહેતા અજ્જુભાઈ કાદરભાઈ મિસ્ત્રીના મકાનમાં લગ્ન પ્રસંગમાં ભેગા થયેલ લોકો પાના–પત્તાનો જુગાર રમી રહ્યા છે. તેવી બાતમીના આધારે પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન જુગારીઓમાં નાશભાગ મચી જવા પામી હતી. પોલીસે ૧૦ જેટલા ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા હતા. રેડ દરમ્યાન ઘરના માલિક મળી આવ્યા ન હતા. પોલીસે પકડાયેલ ઈસમો પાસેથી ૨૩,૮૭૦/–રૂપીયા રોકડા તેમજ મોબાઈલ ફોન–૫ નંગ મળી કુલ ૪૯,૮૭૦/–રૂપીયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો. આ બાબતે એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.

## કાલોલના કંડાચ ગામે યુવતિએ ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો

કાલોલ,

કાલોલ તાલુકાના કંડાચ ગામે રહેતા ૨૧ વર્ષીય યુવતિ એ કોઈ અગમ્યકારણોસર ઘરમાં ગળે ફાંસો ખાઈને આપઘાત કરી જીવન ટુંકાવી નાખ્યું હોય આ બાબતે કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોધાવા પામી છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે કાલોલ તાલુકાના કંડાચ ગામે રહેતા જયશ્રીબેન ઉ.વ.૨૧ એ કોઈ અગમ્યકારણોસર ૩ જાન્યુઆરીના રોજ પોતાના ઘરે રૂમમાં દોરડા વડે ગળે ફાંસો ખાઈને આપઘાત કરી મોતને વ્હાલું કરી લીધુ હતું. આ બાબતે કાલોલ પોલીસ મથકે અ.મોતનો ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 114

તા.૦૫/૦૧/૨૦૨૧
મંગળવાર

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

### શહેરા તાલુકા સેવા સદન કચેરી ખાતે

# વલ્લભપુર ગામના ૮ વ્યક્તિઓના આત્મવિલોપનનો પ્રયાસ : પોલીસે કરી ધરપકડ



તસ્વીર : તુષાર દરજી, શહેરા

- વલ્લભપુર ગામની ગૌચર જમીનમાં નોંધ પાડવાના વિરોધમાં આત્મવિલોપન ચિમકી ઉચ્ચારી હતી.
- સેવા સદન અને પ્રાંત કચેરીમાં ચાર-ચાર વ્યકિતઓએ આત્મવિલોપન કરવાની જાહેરાત કરી હતી.
- વલ્લભપુર ગામની ગૌચર જમીન પચાવી પાડવાના કિસ્સામાં અગાઉ જીલ્લા કલેકટરને રજુઆત કરાઈ હતી.

શહેરા,

શહેરા મામલતદાર કચેરી ખાતે તાલુકાના વલ્લભપુર ગામની સર્વે નંબર 657 B (9814) આવેલી ગૌચર જમીનમાં કથિત ખોટી રીતના એક પાકી અને બે કાચી નોધ પાડવાના આક્ષેપ સાથે વલ્લભપુર ગામના આઠ યુવાનો દ્વારા જિલ્લા કલેકટર અને પ્રાંત કચેરી ખાતે રજૂઆત કરી હતી. રજૂઆત કરનાર આઠ યુવાનો પૈકીના ચાર યુવાનો પ્રાંત કચેરી અને ૪ યુવાનો દ્વારા જિલ્લા કલેકટર કચેરી ખાતે સોમવારના રોજ આત્મવિલોપન કરવાના હતા. તાલુકા સેવા સદનની બહાર પોલીસે આઠ વ્યકિતઓને આત્મવિલોપન કરતા અટકાવીને જરૂરી કાર્યવાહી હાથધરી હતી.

શહેરાના વલ્લભપુર ગામે સર્વે નંબર 657 B (9814) આવેલી ગ્રેનાઈટ પથ્થરની લીઝ કાયમ માટે રદ થાય તે માટે ગામના જાગૃત નાગરિકો એ ગાંધીનગર સુધી રજુઆત કરી હતી. આ ગામના જાગૃત નાગરિકો લીઝમાં ખોદકામ કરેલની માપણી કરીને યોગ્ય કાર્યવાહી ખાણ ખનીજ વિભાગ કરે તેવી આશા રાખી રહ્યા હતા. આ ગામના યુવાન સોલંકી ગજેન્દ્રસિંહ, સોલંકી જશપાલસિંહ, મુકેશભાઈ, અરવિંદભાઈ, સોલંકી યુવરાજસિંહ તેમજ સોલંકી જશવંતસિંહ સહિતનાઓ એ મામલતદાર કચેરી ખાતે કથિત ખોટી રીતે એક પાકી અને બે કાચી નોધ પડી હોવાનો આક્ષેપ સાથે આ નોંધ રદ કરવા માટે પ્રાંત કચેરી અને જિલ્લા કલેકટર કચેરી ખાતે લેખિતમાં રજૂઆત કરી હતી, સાથે મામલતદાર કચેરી ખાતે ગૌચર જમીનમાં પાડેલ કુલ ત્રણ નોંધ રદ નહીં કરવામાં આવેતો આત્મવિલોપનની ચીમકી ઉચ્ચારી હતી. જેને લઈ વલ્લભપુર ગામના આઠ જેટલા યુવાનો લીઝની જમીનમાં પાડેલ એક પાકી અને બે કાચી નોંધ રદ કરવા આઠ પૈકીના ચાર યુવાનો કલેકટર કચેરી ખાતે અને બીજા ચાર યુવાનો પ્રાંત કચેરી ખાતે આત્મવિલોપન કરવાની જાહેરાત કરી હતી. જેને લઈ સંબંધિત તંત્રમાં હડકંપ મચી જવા પામ્યો હતો અને તેઓની ભાળ મેળવવા માટે એડી ચોટીનું જોર લગાવી રહયા હતાં, અને ગમે તે રીતે જવાબદાર તંત્ર તેઓને આત્મવિલોપન ન કરે તેના માટેની કવાયત હાથ ધરી હતી. જે અંતર્ગત તાલુકા સેવા સદન ખાતે વહેલી સવાર થી જ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. સમગ્ર સેવાસદન કચેરીને પોલીસના અભેદ્ય કિલ્લામાં ફેરવી દેવામાં આવી હતી. અંદાજીત ૩.૩૦ વાગ્યાના અરસામાં આત્મવિલોપન કરનારા ૪ યુવાનોની જગ્યાએ ૮ વ્યકિતઓ સેવાસદનના પટાંગણમાં આત્મવિલોપન માટે ધસી આવ્યા હતા. જેઓને પટાંગણની બહાર જ પોલીસે આત્મવિલોપન કરે તે પહેલા રોકી પોલીસ મથકે લઈ જવામાં આવ્યા હતા. જ્યાં તેઓની કોવિડ ૧૯ ની માર્ગદર્શિકા મુજબ તમામનો ટેસ્ટ કરાવી અટકાયત કરવામાં આવી કાર્યવાહી હાથ ધરી હતી. આત્મવિલોપન કરનાર યુવાનો પોલીસ સમક્ષ વહીવટી તંત્ર દ્વારા ગૌચર જમીનમાં પાડેલ ત્રણ નોંધો રદ કરે અને યોગ્ય તપાસની માંગ કરી રહયા હતા.

શહેરા તાલુકા સેવા સદન ખાતે વલ્લભપુર ગામના આઠ વ્યક્તિઓ આત્મવિલોપન કરનાર હોવાથી આરોગ્ય અને ફાયર બ્રિગેડનો સ્ટાફ સાથે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. જ્યારે મામલતદાર, પ્રાંત ક્ચેરી સહિતના અન્ય ક્ચેરી ખાતે વહીવટી કામ અર્થે આવતા લોકો ને પરત જવાનો વારો આવ્યો હતો. સમગ્ર તાલુકા સેવા સદન સુમસામ જોવા મળ્યું હતું.

શહેરા તાલુકા સેવા સદન ખાતે આત્મવિલોપન કરનાર આઠ વ્યક્તિઓ ને પોલીસે આત્મવિલોપન કરતા રોકી ને કોવીડ ૧૯ની માર્ગદર્શિકા મુજબ તમામનો ટેસ્ટ કરવામાં આવેલ હતો. પોલીસે આઠ વ્યક્તિઓને અટકાયત બાદ આગળની કાર્યવાહી હાથધરી હતી.

શહેરાના વલ્લભપુરના ગૌચર જમીનમાં મામલતદાર ક્ચેરી ખાતે પાડેલ એક પાકી અને બે કાચી નોંધ મળી ને કુલ ત્રણ નોંધો રદ થાય તે માટે સ્થાનિક ગામના આઠ વ્યક્તિઓ માંથી ચાર કલેક્ટર ક્ચેરી અને ચાર પ્રાંત ક્ચેરી ખાતે આત્મવિલોપન સોમવારના રોજ કરવાના હતા.જોકે આ કલેક્ટર ક્ચેરી ખાતે આત્મવિલોપન કરવા ગયા ના હતા. તમામ આઠ વ્યક્તિઓ આત્મવિલોપન કરવા તાલુકા સેવા સદન ખાતે આવતા પોલીસે તેમને આત્મવિલોપન કરતા રોક્યા હતા. પોલીસે આત્મવિલોપન કરનારને પોલીસ મથક ખાતે લઈ જઈને જરૂરી કાર્યવાહી હાથધરી હતી.

(૧)જશપાલ સિંહ સોલંકી, (૨)શક્તિસિંહ સોલંકી, (૩)યુવરાજ સિંહ સોલંકી, (૪) ગજેન્દ્રસિંહ સોલંકી, (૫) યોગેન્દ્ર સિંહ સોલંકી, (૬) પૃથ્વી સિંહ સોલંકી, (૭) અરવિંદ નાયક, (૮) મુકેશ નાયક.

## કાલોલ શહેરના ભાજપનાં મહામંત્રી કોવિડ-૧૯ નાં નિયમોનું ભાન ભુલી ભુલકાઓ સાથે જન્મદિવસ ઊજવ્યો



તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ,

કાલોલ શહેરના ભાજપના મહામંત્રી તેમનાં જન્મ દિવસ નિમિત્તે એક અનોખી રીતે ઉજવણી કરવા ઉત્સુક બન્યા હતાં. પરંતુ હાલ કોવિડ-૧૯ નાં મહામારીમાં આરોગ્ય વિભાગ તેમજ જિલ્લા તંત્ર તનતોડ મહેનત કરી કોવિડ-૧૯ નાં નિયમો પાલન કરવા અને નાથવા મહેનત કરી રહ્યા છે. જ્યારે ભા.જ.પ ના જ કાલોલ નગરના મહામંત્રી હર્ષ કાછીયા તેમજ કાલોલ બસ સ્ટેન્ડ પાસે ફરસાણ માટેના વેપાર કરતાં વેપારી તેમના જન્મ દિવસ પર દર વર્ષની જેમ નાના ભુલકાંઓ સાથે રહી બાળકોને ભોજન તેમજ ભણતર માટે ઉપયોગી વસ્તુઓનું વિતરણ કરી અનોખી રીતે ઉજવણી કરવામાં ઉત્સુક છે. પરંતુ હાલ કોવિડ-૧૯ ની મહામારીમાં કાલોલ નગરનાં જરૂરીયાતમંદ વિસ્તારમાં પહોંચી ગયાં હતાં. જ્યારે તેમની જન્મ દિવસની ઉજવણીની ખુશીઓમાં હાલની કોરોના મહામારીનુ ભાન ભુલ્યા છે. પોતાની જન્મ દિવસની ખુશીઓમાં નાના ભુલકાઓને એકત્રિત કરી તેમને ભોજન કરાવવામાં બાળકોના સ્વાસ્થની ફીકર કર્યા વગર માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સનું ભાન રાખ્યા વગર જન્મ દિવસની ઉજવણી કરી. ફોટા ફેસબુક પર મુકેલ જેના કારણે સામાન્ય વ્યક્તિઓમાં ભા.જ.પના મહામંત્રી ટીકાને પાત્ર બન્યાં હતાં. શું આવા રાજકીય પક્ષના આગેવાનો સામે કાર્યવાહી કરવામાં આવશે કે કેમ ? જેની લોકચર્ચાઓ ઉદ્દભવી હતી.

## પંચમહાલ જીલ્લામાં આજે ૦૨ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા કુલ આંક ૩૮૨૩ થયો

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૦૨ પોઝીટીવ ક્સ્સ નોંધાવા પામ્યા છે. નવા ૦૨ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૩૮૨૩ થવા પામ્યો છે.

- ૧૧ દર્દી સાજા થતાં રજા અપાઈ.
- એક્ટીવ કેસ ૧૧૫.
- મૃત્યુ આંક - ૧૩૫.

પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૦૨ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. તેમાં ગોધરા-૦૨ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

## સ્વામિનારાયણ મંદિર ઘોઘંબા ખાતે સમન્વય બેઠકનું આયોજન



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

બીએપીએસ સ્વામિનારાયણ મંદિર ઘોઘંબા ખાતે સમન્વય બેઠકનુ આયોજન કરવામાં આવ્યું. જેમાં અયોધ્યા ખાતે રામમંદિરના નિર્માણ માટે તાલુકાના વિવિધ સંગઠનોના હોદેદારો, પદાધિકારીઓ અને સભ્યો હાજર રહ્યા હતા. આર.એસ.એસ.ના જિલ્લા કાર્યવાહ હિરેનભાઈ પાઠક તથા પૂર્વ ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય તથા કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. સાથે સાથે તાલુકાના યુવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા.

રાષ્ટ્રપરૂષ રામ મંદિરના નિર્માણ માટે તમામ સંગઠનો તથા ઉપસ્થિત નવ યુવાનોએ તન, મન અને ધનથી સંપૂર્ણ પ્રકારનો સહકાર આપવાની ખાત્રી આપી હતી.

## શહેરાના બાહી કલસ્ટર રિસોર્સ રૂમ રીનોવેશન ઉદ્‌ઘાટન અને શૈક્ષણિક વાર્ષિક સમીક્ષા

શહેરા,

સમગ્ર શિક્ષા શહેરા અંતર્ગત બાહી કલસ્ટરમા આજરોજ સી.આર.સી.કો.ઓ મહેશ વણઝારા દ્વારા તૈયાર કરાયેલ કલસ્ટર રિસોર્સ રૂમનું રીનોવેશનનું ઉદઘાટન બી.આર.સી.કો.ઓ ડો.કલ્પેશ.આર પરમારની અદયક્ષતામાં કરવામાં આવ્યું. બી.એડ કોલેજ ગોધરા અને હાલ

(અનુ.પાના.નં.૨)



તસ્વીર : તુષાર દરજી, શહેરા

## ગોધરા ભલાણીયાના સરદારપુરા ગામે ચાર યુવાનો ઉપર હિંસક પશુઓ દ્વારા થયેલ હુમલામાં ઈજાગ્રસ્તોની આપ પાર્ટીએ મુલાકાત લીધી



ગોધરા,

ગોધરા તાલુકા મહેલોલ નજીક ભલાણીયા ગ્રામ પંચાયતના સરદારપુરામાં તા.૧/૧/૨૧ના રોજ રાત્રે ૧૦ થી ૧૨ના સમયગાળામાં ગામના ચાર યુવાનો ઉપર જંગલી પશુએ હિંસક હુમલો કર્યો છે.

જેમાં બારીઆ રંગીતભાઈ રામાભાઈને કાન ઉપર હુમલો કર્યો છે. જેઓને કાન પર સોળ ટાંકા આવ્યા છે. અશ્વિનભાઈ કિરીટભાઈને નાક ઉપર, હર્ષદભાઈ પર્વતભાઈને પગ ઉપર તથા ભીખાભાઈ કાળુભાઈને ખભા ઉપર આ જંગલી પશુએ હુમલો કર્યો છે. તેથી આ વિસ્તારમાં લોકોમાં ભયનો માહોલ ઉભો થયો છે. લોકો ભયભીત બનીને રાત્રે નીકળવાનું ટાળી રહ્યા છે. ખેડુતો રાત્રે પાકમાં પાણી મૂકવા જતા પણ ડરે છે.

આ બનાવની જાણ પંચમહાલ જીલ્લા આમ આદમી પાર્ટીના જીલ્લા પ્રમુખ દિનેશ બારીઆને થતા ભોગ બનેલા વ્યકિતઓની મુલાકાત લીધી હતી અને તેઓના ખબર અંતર પુછ્યા હતા. જેમાં જાણવા મળ્યું કે ત્રણ વ્યકિતઓએ હજુ સુધી કોઈ પણ પ્રકારની ડાંકટરી સારવાર લીધી નથી. આથી તેઓના પરિવારજનોને મળીને તેમની સાથે વાતચીત કરી હતી અને તમામ ઈજાગ્રસ્તોને દવાખાને લઈ જઈને ઈલાજ કરી લેવાની વાત કરી હતી. સાથે સાથે જણાવ્યું હતું કે, કોઈ હિંસક પ્રાણીના જીવાણું શરીરમાં ગયા હોય તો ઈલાજ કરી લેવાથી ભવિષ્યમાં કોઈ પ્રકારની મોટી તકલીફના ઉભી થાય તેમ કહ્યું હતું.

આ તમામ ઈજાગ્રસ્તોના ઘરો એકદમ કાચા અને દરવાજા પણ નથી તેવી સ્થિતીમાં છે. સુરક્ષાનો પ્રશ્ન છે. લોકો ઘરમાં ઉંઘે તો પણ સુરક્ષીત નથી. ત્યારે વન વિભાગ ગોધરા દ્વારા આ ઘટનાને તાત્કાલીક ધોરણે ધ્યાનમાં લેવી જોઈએ અને આ હિંસક પ્રાણી કયું છે. તે તપાસ કરી તેનો ઉકેલ લાવવો જોઈએ એમ જણાવી પ્રમુખ દિનેશ બારીઆએ આ ઘટનાને ગોધરા વન વિભાગ અને મીડીયામાં જાણ કરવાની ખાતરી આવી હતી. ઈજાગ્રસ્તો સાથે વાતચીત કરતા આ હિંસક પ્રાણી કયું હતું. એ સ્પષ્ટ કહી શકાતું નથી. તેથી વન વિભાગની મદદની જરૂર ઊભી થઈ છે. અને આ અસરગ્રસ્તોને યોગ્ય મદદ અને સારવાર મળે એ તંત્ર એ કરવું જોઈએ એમ પણ જણાવ્યું હતું.

સ્થાનિક લોકોની મુલાકાત માટે આમ આદમી પાર્ટી પંચમહાલ જીલ્લાના પ્રમુખ દિનેશ બારીઆની સાથે ગોધરા તાલુકા પ્રમુખ ગોપાલભાઈ પટેલ પણ સાથે હાજર રહ્યા હતા.

## આવતીકાલે જિલ્લામાં વિવિધ ૬ સ્થળોએ કોવિડ-૧૯ વેક્સિનેશન માટે ડ્રાય રન યોજાશે



તસ્વીર : આસીફ ધંત્યા, ગોધરા

ગોધરા,

કોવિડ-૧૯ સામે રક્ષણ આપતી રસીને જનસામાન્ય સુધી પહોંચાડવાના ભાગરૂપે યોજાનાર વેક્સિનેશન ડ્રાઇવને વધુ અસરકારક બનાવવાના ભાગરૂપે આવતીકાલે પંચમહાલ જિલ્લામાં ૬ સ્થળોએ ડ્રાય રન યોજાશે. આ અંગે જિલ્લા કલેકટર અમિત અરોરાની અદયક્ષતામાં આજે જિલ્લા સેવા સદન ખાતે વેક્સિનેશન સાથે સંકળાયેલા અધિકારીઓની એક સમીક્ષા બેઠક યોજાઈ હતી. જિલ્લા કલેક્ટરએ સેશન્સ સાઈટ્સ, ભાગ લેનાર કર્મચારીઓ, વેઈટિંગ રૂમ, વેક્સિનેશન રૂમ, ઓબ્ઝર્વેશન રૂમમાં માર્ગદર્શિકા અનુસાર રાખવાની થતી સુવિધાઓ, વેક્સિનેશન ઓફિસર સહિતના કર્મચારીઓની ભૂમિકા, વિપરીત અસરના કિસ્સામાં તૈયારીઓ અંગે વિગતવાર માહિતી લઈ સમગ્ર કામગીરીને વધુ અસરકારક બનાવવા અંગે માર્ગદર્શન અને સુચના આપ્યા હતા. આવતીકાલે જિલ્લામાં ગોધરામાં દલુની વાડી ખાતે, હાલોલમાં કંજરી કુમાર પ્રાથમિક શાળા, કાલોલમાં એડબ્લ્યુસી સેટકો ખાતે, શહેરામાં એસ.જી. દવે હાઈસ્કૂલ ખાતે, મોરવા હડફમાં તાલુકા પ્રાયમરી શાળા તેમજ ઘોઘમ્બામાં ઘોઘંબા પ્રાથમિક શાળા ખાતે વેક્સિનનો ડ્રાય રન હાથ ધરવામાં આવશે. તાલુકા કક્ષાના કેન્દ્રોએ ડ્રાયરન બાદ નોડલ ઓફિસરની અદયક્ષતામાં બેઠક યોજી સમગ્ર પ્રક્રિયામાં રહી ગયેલી ખામીઓ અંગે ચર્ચા કરી તેને વધુ અસરકારક બનાવવા પણ જિલ્લા સમાહર્તાએ જણાવ્યું હતું. આ તમામ કેન્દ્રોએ જિલ્લા કલેકટર સહિતના અધિકારીઓ મુલાકાત લઈ કામગીરીનું નિરીક્ષણ હાથ ધરશે.

તાજેતરમાં જ કેન્દ્ર સરકાર દ્વારા કોવિડ-૧૯ સામે રક્ષણ આપતી રસીને મંજૂરી આપવામાં આવી છે. છેલ્લા ઘણા સમયથી વેક્સિનને મંજૂરી મળ્યા બાદ દેશના તમામ નાગરીકો સુધી પહોંચાડવા માટે માઈક્રો પ્લાનિંગ કરવામાં આવી રહ્યું હતું.

## કાંકણપુર(રામપુર) બી-ફાર્મસીના શિક્ષકને AICTE ના મેંટર તરીકે નિમણૂંક

કાંકણપુર,

રાષ્ટ્રીય કક્ષાએ એઆઈસીટીઈ (AICTE) સંલગ્ન તકનીકી સંસ્થાઓના આચાર્યો / ડીરેક્ટર સહિત વરિષ્ઠ શિક્ષકોને એઆઈસીટીઈ (AICTE) માર્ગદર્શકની જવાબદારી સોપવામાં આવી છે. અમને જણાવતા ગૌરવ થાય છે કે અમારી સંસ્થા બી.ફાર્મસી કોલેજ - રામપુરા (કાકંણપુર) તા.ગોધરા, જી.પંચમહાલનાં પ્રોફેસર ડો.સુરેશ કુમારને એઆઈસીટીઈ(AICTE) દ્વારા પ્રોબેશન સમયગાળા દરમિયાન યોજાયેલા ફેકલ્ટી ઈન્ડકશન પ્રોગ્રામમાં (FIP) ઈન્ડેન્ટી શિક્ષક (નવી ભરતી તકનીકી શિક્ષક) ને તાલીમ આપવા માટે એઆઈસીટીઈ(AICTE) મેંટર તરીકે અધિકૃત કરવામાં આવેલ છે . જેના કારણે તકનિકી શિક્ષકોની ગુણવત્તામાં સુ ધારો આવશે.